ॐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મૂલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૫૩ | ૧ જૂન ૨૦૧૯ | પાના-૧૬ | વાર્ષિક લવાજમ -રૂ.૧૦૦/-

## રાજવાણી

પેટલાદ, ભાદરવા સુદ ૬, ૧૯૪૯

૧. જેની પાસેથી ધર્મ માંગવો, તે પામ્યાની પૂર્ણ ચોકસી કરવી એ વાક્યને સ્થિર ચિત્તથી વિચારવું.

૨. જેની પાસેથી ધર્મ માંગવો તેવા પૂર્ણ જ્ઞાનીનું ઓળખાણ જીવને થયું હોય ત્યારે તેવા જ્ઞાનીઓનો સત્સંગ કરવો અને સત્સંગ થાય તે પૂર્ણ પુણ્યોદય સમજવો. તે સત્સંગમાં તેવા પરમજ્ઞાનીએ ઉપદેશેલો શિક્ષાબોધ ગ્રહણ કરવો એટલે જેથી કદાગ્રહ, મતમતાંતર, વિશ્વાસઘાત અને અસત્વચન એ આદિનો તિરસ્કાર થાય; અર્થાત્ તેને ગ્રહણ કરવા નહીં. મતનો આગ્રહ મૂકી દેવો. આત્માનો ધર્મ આત્મામાં છે. આત્મત્વપ્રાપ્ત પુરુષનો બોધેલો ધર્મ આત્મતામાર્ગરૂપ હોય છે. બાકીના માર્ગના મતમાં પડવું નહીં.

૩. આટલું થતાં છતાં જો જીવથી સત્સંગ થયા પછી કદાગ્રહ, મતમતાંતરાદિ દોષ ન મૂકી શકાતો હોય તો પછી તેણે છૂટવાની આશા કરવી નહીં.

અમે પોતે કોઈને આદેશવાત એટલે આમ કરવું એમ કહેતા નથી. વારંવાર પૂછો તોપણ તે સ્મૃતિમાં હોય છે. અમારા સંગમાં આવેલા કોઈ જીવોને હજુ સુધી અમે એમ જણાવ્યું નથી કે આમ વર્તો, કે આમ કરો. માત્ર શિક્ષાબોધ તરીકે જણાવ્યું હશે.

૪. અમારો ઉદય એવો છે કે એવી ઉપદેશવાત કરતાં વાણી પાછી ખેંચાઈ જાય છે. સાધારણ પ્રશ્ન પૂછે તો તેમાં વાણી પ્રકાશ કરે છે; અને ઉપદેશવાતમાં તો વાણી પાછી ખેંચાઈ જાય છે, તેથી અમે એમ જાણીએ છીએ કે હજુ તેવો ઉદય નથી.

૫ પૂર્વે થઈ ગયેલાં અનંત જ્ઞાનીઓ જોકે મહાજ્ઞાની થઈ ગયા છે, પણ તેથી કંઈ જીવનો દોષ જાય નહીં; એટલે કે અત્યારે જીવમાં માન હોય તે પૂર્વે થઈ ગયેલા જ્ઞાની કહેવા આવે નહીં; પરંતુ હાલ જે પ્રત્યક્ષ જ્ઞાની બિરાજમાન હોય તે જ દોષને જણાવી કઢાવી શકે. જેમ દૂરના ક્ષીરસમુદ્રથી અત્રેના તૃષાતુરની તૃષા છીપે નહીં, પણ એક મીઠા પાણીનો કળશો અત્રે હોય તો તેથી તૃષા છીપે.

૬. જીવ પોતાની કલ્પનાથી કલ્પે કે ધ્યાનથી કલ્યાણ થાય કે સમાધિથી કે યોગથી કે આવા આવા પ્રકારથી, પણ તેથી જીવનું કંઈ કલ્યાણ થાય નહીં. જીવનું કલ્યાણ થવું તો જ્ઞાની પુરુષના લક્ષમાં હોય છે, અને તે પરમ સત્સંગે કરી સમજી શકાય છે; માટે તેવા વિકલ્પ કરવા મૂકી દેવા.

૭. જીવે મુખ્યમાં મુખ્ય આ વાત વિશેષ ધ્યાન આપવા જેવી છે, કે સત્સંગ થયો હોય તો સત્સંગમાં સાંભળેલ શિક્ષાબોધ પરિણામ પામી, સહેજે જીવમાં ઉત્પન્ન થયેલ કદાગ્રહાદિ દોષો તો છૂટી જવા જોઈએ, કે જેથી સત્સંગનું અવર્ણવાદપણું બોલવાનો પ્રસંગ બીજા જીવોને આવે નહીં.

૮. જ્ઞાનીપુરુષે કહેવું બાકી નથી રાખ્યું; પણ જીવે કરવું બાકી રાખ્યું છે. એવો યોગાનુયોગ કોઈક જ વેળા ઉદયમાં આવે છે. તેવી વાંછાએ રહિત મહાત્માની ભક્તિ તો કેવળ કલ્યાણકારક જ નીવડે છે; પણ કોઈ વેળા તેવી વાંછા મહાત્મા પ્રત્યે થઈ અને તેવી પ્રવૃત્તિ થઈ ચૂકી, તોપણ તે જ વાંછા જો અસત્પુરુષમાં કરી હોય અને જે ફળ થાય છે, તે કરતાં આનું ફળ જુદું થવાનો સંભવ છે. સત્પુરુષ પ્રત્યે તેવા કાળમાં જો નિઃશંકપણું રહ્યું હોય, તો કાળે કરીને તેમની પાસેથી સન્માર્ગની પ્રાપ્તિ હોઈ શકે છે. એક પ્રકારે અમને પોતાને એ માટે બહુ શોચ રહેતો હતો. પણ તેનું કલ્યાણ વિચારીને શોચ વિસ્મરણ કર્યા છે.

૯. મન, વચન, કાયાના જોગમાંથી જેને કેવળીસ્વરૂપ ભાવ થતાં અહંભાવ મટી ગયો છે, એવા જે જ્ઞાનીપુરુષ, તેના પરમ ઉપશમરૂપ ચરણારવિંદ તેને નમસ્કાર કરી, વારંવાર તેને ચિંતવી, તે જ માર્ગમાં પ્રવૃત્તિની તમે ઈચ્છા કર્યા કરો એવો ઉપદેશ કરી, આ પત્ર પૂરો કરું છું.

વિપરીત કાળમાં એકાકી હોવાથી ઉદાસ!!!

**- શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક ૪૬૬**

## પ્રશ્નોપનિષદ

**(કુષ્ઠરોગી-સેવાસંસ્થા તપોવન કે સંસ્થાપક ડૉ. શિવાજીરાવ પટવર્ધન કા શ્રી વિનોબાજીસે વાર્તાલાપ)**

**પ્રશ્ન :** આપ સબકો કહતે હૈં કિ સાઠ-સત્તર સાલ કી ઉમ્ર કે બાદ કામ સે નિવૃત્ત હો જાયેં ઔર આધ્યાત્મિક ચિંતન મેં લગે. આપ પ્રત્યેક કાર્યકર્તા કો કુષ્ઠરોગિયોં કી સેવા મેં લગ જાને કો ક્યોં નહીં કહતે? ભગવાન બુદ્ધ ને ભી યહ બાત મહાયાન પંથ મેં કહી હૈ.

**ઉત્તર :** તમોગુણ-રજોગુણ પર કિસ તરહ વિજય પાયા જાયે, યહ બાત સબ જાનતે હૈં. પરંતુ સત્ત્વગુણ કો જીતકર ઉસસે પરે કૈસે જાયેં, સાધકોં કે સામને યહ સબસે મહત્ત્વ કા પ્રશ્ન હૈ.

પુરાની કથા હૈ. જડભરત કો કારુણ્યાસક્તિ કે કારણ હિરણ કા જન્મ લેના પડા. સેવા-કાર્ય કી એક મર્યાદા હોતી હૈ. ઉસ મર્યાદા કે બાદ આગે કા કામ અગલી પીઢી કો કરના ચાહિએ. ઔર હમ મરણાઆધીચ રાહિલો મરુની - મરને સે પહલે હી મૃત હોકર રહેં - એસી અવસ્થા કા અનુભવ લેં.

**પ્રશ્ન :** કુષ્ઠરોગિયોં કી વેદના દેખને કે બાદ ભી યદિ સંવેદના નહીં હોતી હૈ ઔર ઉસકા પર્યવસાન સેવા મેં નહીં હોતા હૈ, તો ક્યા મનુષ્ય કા વિકાસ સંભવ હૈ? યદી યહ માનેં કિ ભગવાન દુ:ખરૂપ કે દ્વારા હી હમારી પરીક્ષા લે રહા હૈ, વિકાસ કે લિએ હમેં મૌકા દે રહા હૈ, તો ક્યા વહ ગલત હોગા?

**ઉત્તર :** જૈસા માનના હૈ, વૈસા માનેં. બાબા ને બાબા કી દ્રષ્ટિ બતાયી. ગાંધીજી આખિર તક ભારત કી ચિંતા કરતે થે। લેકિન અંતિમ સમય 'હે ભારત' નહીં કહા 'હે રામ' કહા; ઈસલિએ વે છૂટ ગયે, નહીં તો પુન: ગાડી કો જોત લિયે જાતે.

**પ્રશ્ન :** ક્યા આખિરી ક્ષણ રામ કહને કી સ્ફૂર્તિ ગાંધીજી કો દીન-દુ:ખિયોં કે લિએ ચિંતન ઔર સેવા કે કારણ હી નહીં મિલી હોગી?

**ઉત્તર :** આખિરી દિન તક સેવાકાર્ય કરતે રહેં ઔર સેવા કરતે-કરતે હી મરેં, યહ ભી એક દ્રષ્ટિ હૈ. જ્ઞાનદેવ દયાલુ થે. ભૈંસે કી પીઠ પર મારા તો ઉસકી નિશાનિયાં જ્ઞાનદેવ કી પીઠ પર અંકિત હુઈં. પરંતુ એક મર્યાદા તક કામ કરને કે બાદ ઉન્હોંને સીધી સમાધિ લી. દુ:ખિતોં કે દુ:ખ બાકી હી રહે. દુ:ખી લોગોં કે દુ:ખ દૂર કરને કા કામ એક મર્યાદા તક કરેં, ઉસકે બાદ ધ્યાન આદિ સૂક્ષ્મ પ્રક્રિયા કે દ્વારા દુનિયા કી મદદ કરેં, યહ એક દ્રષ્ટિ હૈ ઔર યહી બાબા કી દ્રષ્ટિ હૈ.

**- સૌ. ''મૈત્રી''**

**આ અંકમાં** — **પાના નં.**


| | | |
|---|---|---|
| રાજવાણી | શ્રીમદ્ રાજચંદ્ર | ૧ |
| પ્રશ્નોપનિષદ | શ્રી વિનોબાજી | ૨ |
| તંત્રી લેખ: | | |
| આ અગ્નિપરીક્ષાનો સમય છે. | રમેશભાઈ દોશી | ૩ |
| રિવર્સ દાંડી યાત્રા | રમેશભાઈ દોશી | ૪ |
| માનસ કેન્સર કથા-ભાગ-૨ | મોરારી બાપુ | ૫ |
| રેગપીકર્સ | સૌ. પ્રવાસી | ૮ |
| ઘરમાં ગાય, ખેતીમાં બરકત | સમીર પાલેજા | ૯ |
| મૌન એકાંત | સુભાષ ભટ્ટ | ૧૧ |
| જળસંગ્રહ | શિલ્પા ઘૈસાસ | ૧૨ |
| સહાય માટે અપીલ | અમૃતલાલ દોશી | ૧૩ |
| નારણદાસ ગાંધીને પત્ર | ગાંધીજી | ૧૩ |
| મન જીતે, જગ જીતે | દિનેશ દેઢીયા | ૧૪ |
| એટલું નક્કી કરો- કવિતા | ગૌરંગ ઠક્કર | ૧૫ |
| જવામર્દ સૈનિકોને સલામ (વાર્તા) | ડૉ. વીજળીવાળા | ૧૬ |


**હું બદલી ન શકું એ પરિસ્થિતિ સ્વીકારી લેવાની સમતા મને પ્રાપ્ત થાઓ, બદલી શકું એ બદલવાની હિંમત મળો, અને એ બે વચ્ચેનો તફાવત સમજવાનું શાણપણ પ્રગટો. જીવનની અનેક બાબતોને નજરઅંદાજ કરતા આવડે એ શાણપણ છે.**

**- વિલીઅમ જેમ્સ**

**।। સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો, સર્વત્ર દિવ્યતા વ્યાપો,સર્વત્ર શાંતિ વિસ્તરો।।**

# તંત્રી સ્થાનેથી

**નોંધ:** ફેબ્રુઆરી આખરમાં એક પ્રવાહમાં આ લેખ સહજ લખાઈ ગયેલ. એ દરમ્યાન જ તા.૨૭/૨/૧૯ ના રમેશભાઈ સંઘવી એક દિવસ અત્રે સત્સંગ કરાવી ગયા ત્યારે આ લેખ વંચાયેલ. અમે સુચન કરેલ આપ થોડા મિત્રોને આપની નોટ સાથે મોકલો તો ગમશે. એમણે સુચન માન્ય કર્યું અને ઘણાને Email માંથી મોકલેલ છે. આ પછી 'મારે એક ડગલું બસ થાય' એ પ્રેરણા મળીને યાત્રા શરૂ થઈ. એમ હવે આ લેખ બધાને મળી રહ્યો છે.

**- તંત્રી**

## આ અગ્નિપરીક્ષાનો સમય છે

આ અહિંસાની અગ્નિપરીક્ષા નથી. ભારતની વિશ્વની અગ્નિપરીક્ષા ચાલી રહી છે. આ અગ્નિપરીક્ષામાંથી કોઈ ઉગારી શકે તો એ અહિંસા જ ઉગારી શકે, ગાંધી જ ઉગારી શકે.

એક અદ્ભૂત ઘટના અને જે આ ભારતની પવિત્ર ભૂમિમાં જ શક્ય છૈ એવી એક ઘટનાની વાત કરવી છે.

ગાંધીએ કીધેલ, ''હું કબરમાંથી પણ બોલતો રહીશ'' અને ખરેખર એની ઘંટડીનો રણકાર તો ચાલુ જ છે. પણ આ યુધ્ધના ખાંડા ખખડી રહ્યા છે એ ઘોંઘાટમાં એ અવાજ દબાઈ ગયો છે બાકી એ ઘંટડીનો આપણને હંમેશા જગાડવાનો પ્રયત્ન ચાલુ જ છે, જે આપણે સાંભળતા નથી / સંભળાતો નથી.

ગાંધીની શ્રેષ્ઠ ભેટ : એક સિધ્ધાંત-નિયમ ''સત્ય-અહિંસાના પ્રયોગ માટે સાધન અને સાધ્ય બંને શુધ્ધ જ જોઈશે.'' ગાંધીએ સત્યના પ્રયોગો માટે સાધન આપ્યું અહિંસા, સત્યાગ્રહ અને સાધ્ય હતું આઝાદી-સ્વરાજ. આઝાદી તો મળી પણ રામ રાજ્ય ન થયું. આપણે અહિંસામાં ઉણા ઉતર્યા. બાકી ગાંધીની શ્રધ્ધા તો અહિંસા માટે હિમાલય જેવી અચળ છે/હતી.

ખરેખર તો સત્યના પ્રયોગનું મુખ્ય સાધન છે આત્મ સાક્ષાત્કાર-આત્મજ્ઞાન-આત્મા અનંતશક્તિનો ધણી છે. આત્મબળ સામે અણુબોંબ તો સુરસુરિયું છે, છતાં આખુ જગત આ દૈત્યથી થરથરી રહ્યું છે. અણુબોંબ પડે તો પણ સમગ્ર પ્રકૃતિનો નાશ શક્ય નથી. હિંસાની અસર થોડા કાળ માટે હોય છે. હીરોશીમાની રાખમાંથી જાપાન ઊભુ થયું જ છે ને! પણ આત્મબળ પ્રગટ થાય-અહિંસા પ્રગટ થાય તો એની અસર સમસ્ત પૃથ્વીમાં થાય. એ શાંતિ સંતોષનો લાભ તુરંત જ આજના વિજ્ઞાન મારફતે સમગ્ર વિશ્વને થાય. અને એ અહિંસાની અસર શાશ્વત રહે છે. ૨૫૦૦ વરસ પછી પણ મહાવીરની અહિંસાની અસર શાશ્વત છે અને અનંત કાળ સુધી શાશ્વત રહેશે.

ગાંધીજીએ આખી જીંદગી સત્યના સાક્ષાત્કાર માટે પોતાનું સર્વસ્વ હોમી દીધું પુરુષાર્થની કોઈ કમી નહોતી. પણ કાળ પાક્યો નહોતો-નિયતિએ એમને ભારતની આઝાદી માટે મોકલેલા અને આઝાદી-સ્વતંત્રતા વગર અહિંસાનો પ્રયોગ શક્ય જ નથી. એટલે નિયતિએ એ કાર્ય પુરૂ કરાવ્યું અને ગાંધીને પાછા બોલાવી દીધા. ગાંધીનું અધુરૂં રહેલું કાર્ય-સ્વપ્ન-પ્રયોગ પુરો કરવાની જવાબદારી આપણા સહુની હતી /છે. નિયતિની એક વ્યવસ્થા છે કે એ કાર્ય માટે કોઈને કોઈને તૈયાર કરે છે.

એ પ્રયોગ પુરો કરવાની ઘટનાએ આ ભારતભૂમિમાં આકાર લીધો છે.

અમારો જન્મ તો ગાંધીના સ્વપ્નને- સત્ય અહિંસાના પ્રયોગને સાકાર-સફળ કરવા માટે છે. અનુભવ, સાક્ષાત્કાર, આત્મજ્ઞાન થાય એટલે વ્યક્તિનું કલ્યાણ તો નિશ્ચિંત છે જ પણ જગત આખાને એનો લાભ મળે છે એ છે આત્મજ્ઞાનની મુખ્ય ફળશ્રુતિ.

આ ઘટનાનું બીજ તો રોપાણુ હતું ૧૯૮૧ માં પણ એ બીજના પાલન પોષણ વાડ રખોપામાં વર્ષો ગયા છે. એકાંત-મૌન-અસંગતા સાથે સત્સેવા રૂપી ખાતર પાણી આપતા રહ્યા. પણ સ્થિરતાનો અભાવ હતો, જે સાધનાની સફળતાનો મુખ્ય પાયો છે, એ May ૧૭થી એકાંત સાથે સ્થિરવાસ 'Sitting Silently, doing nothing' પ્રયોગ શરૂ થયો ત્યારે સ્પષ્ટ થયું. અમે તો એના મીઠા ફળ હવે માણી રહ્યા છીએ પણ એ ફળ જગત આખાને મળે એ માટે ગુરૂકૃપાતો પ્રથમથી રહી જ છે પણ એની સાથે મુખ્ય ઈશકૃપા જરૂરી છે. ઈશકૃપા મળશે જ એ શ્રધ્ધા છે, વિશ્વાસ છે, અને એ ગાંધી ચેતના જ વિશ્વને વિનાશમાંથી ઉગારશે અમે તો માત્ર નિમિત્ત છીએ જ્યાં સુધી આ ફળ સહુને નહી મળે ત્યાં સુધી આનંદની બીજી બાજુ વેદના છે એ ભોગવવી રહી.

''મારે તો એક ડગલું બસ થાય'' અહિં એક ડગલાનો માર્ગ છે અમારી ભૂમિકા તો માત્ર એક ડગલાની જ છે અને પછી તો આખે આખો નકશો ગાંધી આપણે માટે તૈયાર મુકી જ ગયા છે.

આજના વિજ્ઞાનની ચમત્કારી શોધોથી આપણે અંજાઈ ગયા છીએ. જગતને પણ ચમત્કાર અને સિધ્ધિઓમાં રસ છે, પણ સાધનામાં આવતો એક મોટો અવરોધ એ સિધ્ધિઓ છે, ચમત્કાર છે, એ અવરોધ રહિત ''કોઈ સિધ્ધિ નહિં એ સાધનાની શ્રેષ્ઠ ઉપલબ્ધિ છે.'' જ્ઞાનીની

ઓળખાણ થાય એવી પાત્રતા એ શ્રેષ્ઠ સિધ્ધિ છે સાધકની. એની આગળ અષ્ટ મહાસિધ્ધિ પણ તુચ્છ છે.

અધ્યાત્મનું વિજ્ઞાનતો સચોટ છે. એ Research નો નહિ Search નો વિષય છે. વેદો-ઉપનિષદો-આગમો એ સંતોએ કેવળીઓએ અનુભવ પછી રચાયેલા શાસ્રો છે. આ બધામાં આત્માનો અદ્‌ભૂત મહિમા સંતોએ ગાયો છે. આપણે માત્ર સાંભળીયે છીએ, પણ પ્રયોગથી આજે પણ કોઈ એ અનુભવી શકે છે. અધ્યાત્મનું એક અદ્‌ભૂત વિજ્ઞાન છે. જ્ઞાનના એ સાગરમાંથી આપણે તો માત્ર થોડું જ બિંદુ માત્ર આચમન જ કરી શકશું પણ એ આચમન પણ આનંદનો સાગર છે. આજનું ભૌતિક વિજ્ઞાન લાખ પ્રયત્નો કરે તો પણ અધ્યાત્મની એ ટોચે પહોંચી નહિ શકે. ગાંધીના સત્ય અહિંસાના સફળ, પ્રયોગથી આજનું વિજ્ઞાન પણ નતમસ્તકે એ સ્વીકારશે. આ તો માત્ર ઝલક છે.

**- રમેશભાઈ દોશી**

## રિવર્સ દાંડી યાત્રા

સ્વયં દિક્ષીત કોઈ સંપ્રદાય, ગચ્છ, મત રહિત શ્રીમદ્‌ રાજચંદ્રજીના શિષ્ય અને ગાંધીજીના પ્રેમી જૈન સાધક રમેશભાઈ દોશીનો આ ટુંકો પરિચય છે. અમારી સાધનાનું મુખ્યત્વે સાધન રહ્યું અંતર અવાજ-અંતર પ્રેરણા.

૬/૪/૧૯ ના ચિંચણી (પાલઘર) મહારાષ્ટ્રથી મહુવા જિ. ભાવનગર જવા વિહાર શરૂ થયો જેની વિગત ‘મારે એક ડગલું બસ થાય’ માં છે. તા.૧૮/૪/૧૯ ના નવસારી પહેલા સાલેજ ગામ આવે છે ત્યાં રાત્રિ પ્રતિક્રમણમાં જેનો સ્વપ્ને પણ અંદાજ નહોતો કે ક્યારેય વિચારેલ નહિ એવી ‘‘દાંડીયાત્રા’’ શરૂ કરવાની પ્રેરણા થઈ. એમ નવસારીથી રીક્ષામાં દાંડી ગયા અને ૨૧/૪/૧૯ સાંજથી દાંડીયાત્રા શરૂ થઈ.

આ પચીસ દિવસ ગાંધીમય જ રહ્યા. ઘણે ઠેકાણે દાંડીયાત્રામાં ‘યાત્રી નિવાસ’ અને જૈન ઉપાશ્રય-દેરાસરો સાથે રહ્યા પણ અમે યાત્રી નિવાસમાં જ સ્થિરતા કરેલ. યાત્રી નિવાસમાં ગાંધી સાહિત્ય બધે જ રાખેલ છે તેનો નિત્ય સ્વાધ્યાય કરેલ. ભાટગામથી રોજ સાંજે નિત્યપ્રાર્થના શરૂ કરેલ અને હવે એ પ્રતિક્રમણ સાથે રોજનો નિત્યક્રમ બની ગયો છે.

‘દાંડીપથ’ પર આજે પણ ગાંધીજીના સ્પંદનો અનુભવાય છે. અમારું સમર્પણ અને શ્રધ્ધા શ્રીમદ્‌ રાજચંદ્રજી પરમકૃપાળુદેવના ચરણે છે. પણ ગાંધીજી પ્રત્યે અત્યંત આદર-પ્રેમ હ્રદયમાં હંમેશા રહ્યો છે. આમતો ‘શ્રીમદ અને ગાંધી’ એક સિક્કાની બે બાજુ સમાન છે.

૧૯૮૧માં ટ્રેન અકસ્માતમાં બચી ગયા. પૂર્વના કોઈ પુણ્ય જાગ્યા અને એક અનુભવ થયો, જેને આત્મ સાક્ષાત્કાર, આત્મ અનુભવ, ગ્રંથિભેદ એમ અનેક નામ છે આ અનુભવના લાભાર્થી બનવાનું સદભાગ્ય મળ્યું, જે આ આર્ય ભૂમિમાં જ શક્ય છે, જેની વિગત આ ફાઈલમાં આપ વાંચી શકશો. આ અનુભવ પછી ‘રમેશ’ નું લક્ષ એક જ રહ્યું ‘વિશ્વશાંતિ’ કેમ થાય? એ અર્થે અવનવા પ્રયોગો થતા રહ્યા, ‘કશું જ ન કરવું’ એ છેલ્લો પ્રયોગ થયો અને દ્વાર ખુલી ગયા અને એથી જ આપણે હવે મળી રહ્યા છીએ.

અમારો જન્મ શ્રીમદ્‌જી-ગાંધીજીના સ્વપ્નને સાકાર કરવા માટે છે જે ‘‘આ આગ્નિપરીક્ષાનો સમય છે.’’ તેમાં લખેલ છે અને કંઈ રીતે થાય એ ‘‘સ્વચ્છતા યજ્ઞ’’ પંચશીલ મંત્રમાં આપ સ્પષ્ટ જોઈ શકશો.

‘ઈશકૃપા’થી જ આ સ્વપ્ન સાકાર થઈ શકે એ સ્પષ્ટ દર્શન છે. અને એ ‘એનો’ ભાર છે. માર્ગ સરળ છે, સુગમ છે, સ્પષ્ટ છે, આવો આપણો મળીને, આ સ્વપ્નને સાકાર કરવામાં સહભાગી બનીએ, આનંદ વહેંચીએ અને એમાં શ્રીમદ્‌જી-ગાંધીજી ચેતના આપણી સાથે છે.

**- રમેશભાઈ દોશી**

## ઓશો વાણી

દેહ તો સદા મન કે પિછે જાતી હૈ. વેશ્યાગૃહ જાના હૈ, તો દેહ વેશ્યાગૃહ ચલી જાતી હૈ. ઔર પ્રભુ કે મંદિર જાના હૈ, તો દેહ પ્રભુ કે મંદિર લે જાતી હૈ. ચોરી કરો તો સાથ હૈ, દાન દો તો સાથ હૈ. દેહ તો તુમ્હારી સેવા મેં રત હૈ. મન કો બદલો. ઔર મન કો બદલને કી પ્રક્રિયા ધ્યાન હૈ, ત્યાગ નહીં. શરીર કો સતાના નહીં, ગલાના નહીં; વરના સોઈ હુઈ ચેતના કો જગાના, સાક્ષી કો જગાના. મેરે લિએ સંન્યાસ કા મૌલિક અર્થ હૈ સાક્ષીભાવ. ઔર સાક્ષીભાવ કે લિએ સંસાર સબસે સુવિધાપૂર્ણ અવસર હૈ. ઈસલિએ તો પરમાત્મા ને તુમ્હેં સંસાર દિયા. મૈં કહતા હૂં: સંસાર છોડો મત, સંસાર મેં જાગો! સંસાર એક અપૂર્વ અવસર હૈ જાગને કા—ચુનૌતી હૈ. **- ઓશો.**

**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો**
**... શ્રીમદ્‌ રાજચંદ્ર**

## માનસ કેન્સર કથા - ભાગ ૨ જો

**૪થો દિવસ. તા.૧૧/૧૨/૨૦૧૨ મંગળવાર**

રામકથા પુરી મધુર હૈં પરમ કી કોઈભી કથા મધુર હી હૈ. ઔષધિ કભી કડવી ભી હોતી હૈ. ગુરૂ સે કથાકા આરંભ-સંત ભી ગુરુ હૈ -બીચમેં કથા હૈ. ગુરૂ કી હી મહિમા હૈ. ગુરૂ માની વિશ્વમંગલ-ગુરૂ એક સદવિચાર હૈ-પવિત્ર માર્ગ દિખાનેવાલી સદવૃત્તિ હૈ. ગુરૂ હી એક વૈદ્ય હૈ એસા પ્રતીત હોતા હૈં સમસ્ત રોગનું શમન સદગુરુ ચરણ રજથી થાય છે. વિજ્ઞાન અને ધર્મ ભેગા થઈ જાય તો કેવું કામ થઈ જાય !

૧૫૦ વરસ જીવવું છે તો શરત-૩. ૧. રોગ ન હોય, ૨. પ્રસન્નતા રહે, ૩. ભજન ક્યારેય મોળું ન પડે. એટમબોંબ કરતા આતમ બોંબની તાકાત વધારે હોય છે. ગુરૂ માને શીવ સંકલ્પ-સ્વનો શૂન્યાવકાશ હોય. અધ્યાત્મિક રહસ્ય બહુત હૈ. કબીર તો સીધે ઉલટે હૈ-તુલસી ઈતના હી સીધે ઉલટે હૈ. પરિપૂર્ણ અવ્યવસ્થાકા નામ પરમાત્મા હૈ.

અંગદ, હનુમાન, સુગ્રીવ, વિભીષણ ચારેના ક્રમ ગોઠવો. હનુમાનજી, અંગદ, વિભીષણ-સુગ્રીવ. વિભીષણ નિર્ણયાત્મક હૈં શરણાગત હૈ, મૌત કી પરવાહ કિયે બીના રામકી શરણમેં આયા હૈં. કબીર ઉલટ બાસી હૈ. તુલસીની વાત સમજવા ગુરૂકૃપા જોઈએ. ક્રિયાસે પ્રતિક્રિયા દીર્ઘ હોતી હૈ અક્ષર કમ હોતે હૈ, ભાષ્ય વધારે હોય છે. પ્રતિક્રિયા લંબી હોતી હૈ. ૧ દાણો વાવીએ ઉગે હજારો આ નિયમ છે. રાજપદ કબ ચલા જાય કોઈ ઠિકાના નહીં હૈ, રાજપદ ભૂતપર્વ થઈ જાય. મીરા-નરસિંહ-કોઈ ભૂતપૂર્વ નથી કહી શકાતા. પરમ તત્વ-બુધ્ધને એક ફ્રેમમાં નથી મઢી શકાતા. તેની ગતિ નહિ સમજ શકતે.

સૌથી ગંભીર રોગ માનસ રોગ છે. નીરસને રસમય કરીને પીરસી રહ્યો છું. બીજ ન હોય તો કુંમળો નીકળે જ નહિ હોય તો જ નીકળે. બધા શાસ્ત્રોનું આવું દોહન થતું જાય છે. પ્રતિક્ષણ વર્ધમાન-પોલાણ વાળા હૃદયમાંથી અનેક અર્થો નીકળશે. મુળમાં કુછ છે, કંઈક છે એટલે ફળ, ફૂલરસ આવે છે, કેવી ગુપ્ત યાત્રા હશે. તુલસી બહુ ગહન છે. આ ધર્મ ગ્રંથ નથી, હૃદયગ્રંથ છે. કોઈપણ પંથના હો પણ માનસ મદદ કર શકતા હૈ. હું તમારી નજીક છું, એટલો કોઈની નજીક છે. માણસે પોતે પોતાનું રક્ષણ કરવું રહ્યું. આપણે આપણી સાથે હોવું જોઈએ. તમને તમારી જાત સાથે જોડવાનો મારો પ્રયાસ છે. અમારું પદ કામ ચલાઉં છે. ગંભીર વિષય છે, ઔષધિ હૈ શ્રધ્ધાપૂર્વક ગુરુવચનમાં વિશ્વાસ.

ચંચલતા અને તમો ગુણ વચ્ચે ધ્યાન થાય તે સર્વોત્તમ ધ્યાન છે. બધા રોગનું મૂળ છે મોહ. મોહની સીધી સાદી સમજ અજ્ઞાન-મૂઢતા. સહી નહી હૈ ઉસમેં સહી માન લેના વહ મોહ-રજ્જુ સાપની જેમ. કોઈ એવા બુધ્ધ પુરુષના વચન મોહ મીટા દેતા હૈ. કોઈ એવું અજ્ઞાનફળ છે, હમને ખા લિયા અને વેદના શરૂ થઈ. કુપથ્ય રોગસે જ્યાદા ભય માર દેતા હૈ, એક વ્યક્તિને જે પથ્ય છે, બીજા માટે કુપથ્ય હો સકતા હૈ. માનસિક કુપથ્ય કા પતા નહી હૈ સ્વર્ગમેં ઈર્ષાકા રોગ બહુત હૈ. હર્ષ રોગ કંઠ રોગ છે, કંઠમાળ રોગ છે. બહુ હરખ શોકમાં બોલી નથી શકાતું બધાનું મૂળ છે અજ્ઞાન-કુપથ્ય. કોઈ સદગુરૂ જાગતલને શોધો આ રોગ માટે મૃત્યુ જિનકે પાસ બૈઠે વહ સો નહીં શકતા. કિતના સંયમ-સાધના-તપ કે બાદ ભી કભી ગર્વ નહીં કરના, સાવધાની કા ગુરૂર ન કરના, જાગૃતિકા અહંકાર કેન્સરકી ગાંઠ બન સકતા હૈ. અજ્ઞાન મૂળ રોગ છે, કુપથ્ય જાનતે હુએ સેવન કરતે હૈ, ઈર્ષા-નિંદા. મૈં તુઝસે મુખાશિબ, તું રબસે મુખાશિબ, તુજે ભી ન ચાહત, મુઝે ભી ન ચાહત. જો પિને સે કદમ લડખડાયે-યહ કૈસી મય હૈ યહ કૈસા મયકદા હૈ, ન જી ભરકે દેખા, ન કુછ બાત કી, બડી આરજુથી મુલાકાત કી. તર-સુવરમેં કોઈ બસતા નહીં હમ ક્યાં કરે, તેરે બીના અચ્છા લગતા નહી અબ ક્યાં કરે. યહ દિલ તુમ બીન કહીં લગતા નહીં હમ ક્યાં કરે, લુંટે દિલમે દિયા જલતા નહીં હમ ક્યા કરે. તેરા સાયા ચાહિયે, તેરી રહમત ચાહિયે, મુઝે ખિલોને નહીં તુ ચાહિયે.

વિભીષણ નિર્ણયાત્મક, નિશ્ચયાત્મક વ્યક્તિત્વ છે. ભલે દેર અદેર પણ માર્ગે આવી ગયા છે. સુગ્રીવ વિભીષણ કેટલું મોટું સ્થાન આપી દીધું. ઉસકી ગોદમેં ભગવાનને શિર રખ દિયા. વિભીષણ કાનમાં વાત કરે છે એટલી બધી નિકટતા છે.. સબ તો રાત કે અંધેરે મેં ગૂફતેગુ તુઝસે હોતી હૈ, વૈસે તો જિંદગી મેરે હવાલે હૈ પર તેરે હાથ મેં હૈ.

હનુમાન, અંગદ બંને રામના ચરણે બેઠા છે, તુમ દોનો ભાગ્યવાન હૈ પર લેકિન બડભાગી હનુમાન-અંગદ રામ ચરણ પાયા. રામપદ જિસને ગાયા જૈસે ગુરુ નાનક, મીરા, નરસિંહ ઉસે ભૂતપર્વ કહને કી કોઈની હિંમત નથી. રામ કાવ્ય હૈ, કવિતા હૈ, બુધ્ધ પુરુષ કો એક ફ્રેમ મેં નહીં દેખ સકતે હૈ, માનસ કથા મધુર હૈ, આખી કથા મધુર હૈ.

## બુધવાર પાંચમો દિવસ તા.૧૨/૧૨/૧૨

માનસમાં કુલ ચૌદ રોગની ચર્ચા છે. પ્રશ્ન હૈ કિ ચૌદ હી રોગ કી સંખ્યા ક્યું? યહાં જે રોગની ચર્ચા છે તે બધાને છે. યહ રોગ માનસિક સબમેં હોતે હૈ, કોઈ વિરલ તેને પહચાન લેતે હૈ, સબ બિમાર લોગ લંકા મેં હૈ, યહ બ્રહ્માંડ એક શરીર હૈ. શરીરરૂપ બ્રહ્માંડમે સ્વયં રાવણ મહારોગ હૈ, એનાથી નાના પ્રકારના શૂલ પ્રગટ હોતે હૈં. અંદરસે કબુલ કરે કે યહ સબમેં હૈ, લંકા વાલે યહ કબુલ કરને રાજી નહી હૈં. રોગી કમસે કમ કબુલ કરે હું બિમાર છું. ત્યારે જ વૈદ્ય સફળ થાય છે. અન્યથા ડોક્ટર કશું કરી ન શકે. હમ સબમેં યહ રોગ હૈ. કુપથ્ય આતે હી રોગ અંકુરિત હોતે હૈ. મુનિઓકે હૃદયમેં ભી યહ રોગ પ્રગટ હોતા હૈ, મનુષ્ય તો કયાં હૈ? હમ સબ રોગી હૈ યહ પહેલે તો સ્વીકાર કરે. કભી કભી વિનમ્રતા ભી દંભ હૈ, ઈનમેં રોગ તો દિખતે હૈ. કથા સેવનસે ફાયદા તો હુઆ હૈ. રોગ હૈ ઔર કથા ગાઈ, ઔર કથા ગાઉ યહ ભી લોભ હૈ.

દમ જો હમને લગાયા તો હમકો દૂર કી સુઝી, દમ જો મુલ્લાને લગાયા તો બાંગ કી સુઝી, દમ જો ભૂખેને લગાયા તો તંદુર કી સુઝી, દમ જો મદારી ને લગાયા તો લંગુર કી સુઝી સચ્ચા દમ ઉસને લગાયા જિસકો અપને નૂર કી સુઝી. યહ રોગ કી માત્રા કમ હો જાય યા મિટ જાય એસી કૌન ઔષધિ હૈ.

૧. સાધ્ય રોગ, ૨. કષ્ટ સાધ્ય રોગ, ૩. અસાધ્ય રોગ, ૩ રોગ હૈ.

સાધ્ય ઉપચારસે કાબુમેં આયા, શરીરમાં સમ્યકતા ન રહી તો યોગ્ય ઔષધિ સે ઠીક હો જાતા હૈ. કેટલાક કષ્ટ સાધ્ય વરસે બે વરસે મટે. કેટલાક ઠીક હોતા હી નહી. અહંકાર કા રોગ કરીબ કરીબ અસાધ્ય હૈ, અહંકાર પૈસામે હોતા હૈ, પ્રતિષ્ઠામે, પદમેં, ઈર્ષામેં હોતા હૈ. કુંભકર્ણ શુધ્ધ અહંકાર હૈ, અહંકાર એટલે અહંકાર. કુંભકર્ણ બહુત ખાતા હૈ, ઉસકો સબ ચાહિયે, ઉસકો સન્માન ચાહિયે, બૈઠનેવાલેભી અચ્છે ચાહિયે, અહંકાર એવી વૃતિ પેદા કરે છે. હનુમાન ક્યારેય આવ્યો નહિ. અનુમાન આવ્યો. વ્યાસપીઠ હૈ કિ સબકો બૈઠને દેતી હૈ. રાજપીઠમેં કોઈ બૈઠને હી નહીં દેતે. કુંભકર્ણ પીતા હૈ બહુત સબ સન્માન સબ આદર ચાહિયે. કાન બહુ બડે- કુંભકર્ણ અહંકારીકો અપને બારેમેં સુનને કી બહુત ઈચ્છા હોતી હૈ. યહ કુંભકર્ણ અહંકારી ચાહતા હૈ યશ કોઈ ન લે. મુઝે હી મિલે એકલા હી કુંભકર્ણ જાતા હૈ. કોઈ બહુત સોતા રહે. અત્યંત નિંદ્રાભી રોગ હૈ. અહંકારી આદમી નિષ્ક્રિય હોતા હૈ. મેરા હોના પર્યાપ્ત હૈં. સત્વગુણ સમ્યક રખતા હૈ. સોના ચાહે તો સો લો.

તમે પ્રસન્ન રહો તો પણ મનોરોગથી મુક્તિ થઈ જાય, પ્રસન્નતા પણ એક દવા છે. પ્રસન્નતા એ પરમાત્મા દર્શનનો એક ઉપાય છે.

અહંકાર એ રોગનું લક્ષણ છે. અહંકાર સામે લડવાની શક્તિ. અહંકાર તો રામકૃપાથી જ જીતાય. કુછ ઐસી ઔષધિ હૈ - જો પ્રયોગ કરો તો -મૈં વાદા કરતા હું ફાયદા હોગા. સરલ ઔષધિ-પેલી શરત-મેરે મેં અહંકારકા કેન્સર હૈ યહ કબુલ કરે. પહેલે યહ કબુલ કરે, અહંકારનો ઉપાય છે. સદગુરુ વચન વિશ્વાસા પરમાત્માની ભક્તિ બડી સરલ-સફલ, મહારોગ કા નાશ ચાહતે હો બિલકુલ સરલ ઔષધિ સંજીવની જડી બુટી- રઘુપતિ ભક્તિ-શીવશક્તિ-અલ્લાહ-મહાવીર-બુધ્ધ- માનવતારી-જનજનકી-રાષ્ટ્રભક્તિ-યહ બહુત બડા ઉપાય હૈ. શ્રવણ- કિર્તન- સ્મરણ- પાદસેવન (પુજા અર્ચના) અર્ચનમ્- વંદન- દાસ્ય- તથ્યમ્ (મૈત્રી) આત્મનિવેદન ભક્તિ હૈ. શ્રવણ કરો-સંગીત-કુછભી સુને-અહંકાર નાશકી ઔષધિ હૈ. બજાનેવાલા ગયા હૈ- સિતાર બજજતા રહેગા- સંગીત કાયમ રહેગા. રવીશંકરને શ્રધ્ધાંજલિ, ઉપચારકી કોઈ કમી નહિ હૈ. બિમાર હાર ચુકા હૈ, કથા શ્રવણ ભક્તિ હૈ હી કોઈ વંચિત- દલિત- છેલ્લા માણસની સુનો. હમારી સુનો વો તુમારી સુનેગા. કિસીકી શુભ ગતિ સુનકર ગુણ કીર્તન કરો. તુમ મેં ભી અચ્છાઈયાં પડી હૈ. ખાલી દોષ ન દેખો અપને મેં. 'વિજ્ઞાનની જેમ અધ્યાત્મમાં નવી નવી ખોજ હોવી જોઈએ-વિનોબાજી'. દૂસરો કે લિએ શુભ ચિંતનમ્ - પાદચરણ એટલે પદ દલિતની સેવા ઉનકો ચાદર, અર્ચનમ્, કોઈની ફી ભરો, યુનિફોર્મ પહેરાઓ. કોઈની નિંદા ન કરો. સબકો આદર વંદનમ્. માલિક નહિ, માલી હું, માનસ કા સેવક હું- તથ્યમ્ મૈત્રી- આત્મનિવેદનમ્. અહંકાર કા શમન હોગા. કિસ્મત કરાવે તે બધી ભૂલ કરી નાખું, બુરાઈને ધોવા વહે છે ગંગા આપની. પૌરાણિક ભક્તિ તો છે જ હવે નવલ ઈતિહાસ પ્રગટ કિયા જાય. એકવીસમી સદીની ભક્તિ. અહંકારકા કેન્સર મિટ જાયે. સરલ ઔષધિ નિદાન માનસમેં બતાયા હૈ. અચ્છી ગઝલ ગાયે, ભક્તિ-ભજન ગાયે તો જ ભક્તિ એટલા બધા સંકીર્ણ ન થાવ. સદ્ગુરૂ ચરણમાં સદાય દિવાળી-કોઈ દિનમેં નવ દિનકી રૈન અંધારી.

અહંકારના નાશ માટે બીજો ઉપાય શુભવાર્તા હો, થોડા શ્રવણ કરેગા તો તંદુરસ્તી દેગા. રોગ એ શીવના

ગુણ છે. ભીમ એટલે ભયંકર કર્મ-અહંકાર, સ્વાધ્યાય મનન-કોઈબી ઈષ્ટ ગ્રંથ સ્વયં શાસ્ત્ર ઔષધિ હૈ, સાધુચરિતકા નામ ઈલાજ કર સકતા હૈ તો હરિનામ માણસ પોતાનું નામ લે એ પણ ઔષધિ છે. સ્વયમં શરણમ્ ગચ્છામિ. કબીરા મન નિર્મલ ભયો જૈસે ગંગા નીર, પીછે પીછે હર ફિરે યહ કહત કબીર કબીર. આ કાળ નામનો છે. નામવાળાને નહિ નડે. ખૂબ નામ લો પવિત્ર વ્યક્તિનું નામ સ્મરણ ઔષધિ હૈ પ્રભુનું નામ અહંકારનો નાશ કરે છે. સદગુરુકા ચરણ આશ્રય-ચરણ રજ. દવા કેની સાથે લેવી મધ-પાણી કે તુલસી એ અનુપાન જોડા જાતા હૈ. શ્રધ્ધા નગદશ્રધ્ધા, અંધશ્રધ્ધા નહીં માનતે હી નહી એ તામસી શ્રધ્ધા માને મગર પ્રમાણ દો યહ રજોગુણી શ્રધ્ધા. નિરોગી-કામધેનું-સાત્વિક શ્રધ્ધા. શ્રધ્ધા કે બીના જીવન હી કૈસા? શ્રધ્ધા ગુરૂવચનમાં, શાસ્ત્રના વાક્યોમાં ભરોસા યહી શ્રધ્ધા, અનુપાન હૈ શ્રધ્ધા, શ્રધ્ધા અંદરનું માળખુ ફેરવી નાખે.

આ આપણે બધા આપણી પાળેલી ગાયો લઈને બેઠા છીએ. શ્રધ્ધા ક્યારેય વસુકે નહીં, ચાર નહીં આઠ આંચળનું દુધ આપે, મેં ગાય પાળી છે. બિલાડી નથી પાળી, બિલાડી એટલે તૃષ્ણા. એક બિલાડી મેં પાળી તે રંગે બહુ રૂપાળી, તૃષ્ણા રૂપાળી છે. તૃષ્ણાવાળાને અંધારામાં ય દેખાય. તૃષ્ણાના દિલમાં ડાઘ છે. શ્રધ્ધાનો સવાલ છે. અનુપાન શ્રધ્ધા. વ્યાધિ સમાધિ તક લે જાતી હૈ, યહ વાણી વિલાસ નહીં હૈં, શીતલ જિસકા સ્વભાવ હો વહ ચલતા ફિરતા કૈલાસ શીતલ કૈલાસ હૈ. સત્ય અહિંસા ઉસમેં પ્રતિષ્ઠિત હુઈ હૈ, જિસકે પાસ હિંસક-અહિંસક બન જાતા હૈ. કવિનો પ્રહાર પ્રસાદ હોય છે. યહ મેરી આરાધ્યા હૈ નંદિની ગાય. જન્મજાત ડહાપણ, શાલીનતા, સાધુતા યહીં રામ ધનુષ્ય હૈ. હિંસા રામનો સ્વભાવ નથી, આપણી પીઠ તો કોઈના ખોટા વખાણથી બગડી ગઈ છે. સાચા સર્જકને કોઈ સાથે આભડછેટ નથી હોતી. સહજ આસન-સ્વાભાવિક આસન- રોશની પહેલે અંધેરા આવશ્યક હૈં.

**<u>૧૩/૧૨/૧૨ છઠ્ઠો દિવસ</u>**

બડે બડે એ લોગભી મનોરોગસે પીડિત હૈ. એક રોગ સંશય પણ છે. સંશય એક ઐસા રોગ હૈ પરિણામ મૃત્યુ હી હોતા હૈ. ભરત જનની કૈકયી બહુત બડા પાત્ર હૈ રામકથા કા એક જ વ્યક્તિ વંદનીય-નિંદનીય હો જાતી હૈ! કૈકયી કે મનમેં લોભ-કોપભવન-ક્રોધભવન-ઈર્ષા-રોગભી આયા. કુછ સંગ્રામક હોતા હૈ, સંગ કે કારણ હોતા હૈ. મંથરા કે કારણ કૈકયી કે જીવનમેં દોષ આયા.

વાણીના ૩ પ્રકાર. ૧. શ્લોક વાણી, ૨. લોકવાણી, ૩. શોકવાણી. તીનો કે કાલ હૈ. શ્લોક-આર્ષવાણી ભવિષ્ય કાલકા સુચક હૈ સંકેત હૈ. શોકવાણી ભૂતકાલકા સંકેત હૈ, લોકવાણી વર્તમાનકા સંકેત કરતી હૈ.

જે ગમે જગતગુરુ દેવ જગદીશને તે તણો ખરખરો ફોક કરવો. દુધ દુધ હૈ ખટાઈ કે કારણ બીગડ ગયા. મંથરા વૃતિકાનામ હૈં. હરેક સાધુકો અપના ભૂતકાલ હોતા હૈં, હરેક શેતાનકો અપના ભવિષ્યકાલ હોતા હૈ.

મેરૂ સરખા ધીર તેનું નામ ફકીર, હદ અનહદ ચલે ઉનકા નામ ફકીર, મહામુનિ વિશિષ્ઠકો વિશ્વામિત્ર પર ઈર્ષા છે. ઈંદ્રને નારદની ઈર્ષા થઈ. છાયા પકડી નહી જાતી-કોશિશકી જાતી હૈ. સાધુ દહન નહીં કરતા, દમન કરતા હૈ. સંયમ કરે, નિયંત્રિત કરે. લંકામેં રોગી હી રોગી હૈ પર કબુલ નહીં કરતા.

ગાંઠિયા પતિ, જલેબી ધર્મપત્ની, મરચા છે તે છોકરા-ગાંઠિયા રાષ્ટ્રિય ખોરાક છે. ગાંઠિયાને બધાય સાથે મરચા સાથે, ગોળ સાથે ભાવે. દુષ્ટાગ્રહ-દુરાગ્રહ અપને અપને દેવ કે પ્રતિ. ભેદદ્રષ્ટિ એ પણ એક રોગ હૈ. રોગ ચૌદ-રામવનવાસ ચૌદ વરસ - ચૌદ રોગથી મુક્ત થવા માટે ચૌદ વરસ ઉદાસીન વૃતિ આવશ્યક છે. સાધક કી ચૌદ સાલ તક ઉદાસીન મનોવૃત્તિ. ભવનમેં રહકર હમ વન બના શકતે હૈ. પરિવાર કો પતા ન ચલે ઐસે જીઓ. લોગ વનમેં રહકર ભી ભવનકા ખ્યાલ મેં રહતે હૈ. જન્મ્યા છીએ ધુળીયા મકાનમાં પણ મનમાં મહેલોની વિરાસત છે, ફકીરીને સંકીર્ણતા ન ખપે.

સાધો સો ગુરૂ સત્ય કહાવે કોઈ નૈનનમેં અલખ દિખાવે,
જપ તપ જુઠ ક્રિયા તે ન્યારો સહજ સમાધિ શિખાવે...સાધો...

ધર્મ સંકીર્ણ હો જાયેગા તબ અર્થકા મહત્વ હો જાયેગા ઔર અર્થકા પ્રધાન હો જાયેગા તો રોગ મિટના અસંભવ હૈ. યહાં સંકીર્ણતા અપરાધ હૈ ભવનમેં ધન નિર્મિત હોતા હૈ. રામને રહેવા માટે ચૌદ સ્થાન બતાવ્યા ચૌદ મનસ્થિતિનું દર્શન છે. ભજના નંદી રોજ તાજા હોતા હૈ, નયા હોતા હૈ, મને આ કથા રોજ નવી લાગે છે, કથા સે કભી ન તૃપ્ત હો હૃદય. ચૌદ વ્યક્તિ જીવીત છતાં મરે હુએ હૈ. ચૌદમાંથી કોઈને કોઈ રોગ હોય જ. વામ માર્ગી, કામી, ક્રોધી, લોભી, વિમુઢ (અતિમુરખ, બુધ્ધિહીનતા-વિચારહીનતા) અત્યંત દરિદ્ર, આંખનો વિશાળ દ્રષ્ટિનો રોગી, સદા રોગ ગ્રસ્ત, નિરંતર ગુસ્સા કરને વાલા, શુભસે વિમુખ, પરમ તત્વસે વિમુખ, વેદ વિરોધી-સંત વિરોધી, શરીર કી હી પુષ્ટિમેં જીનેવાલા, સ્વકેન્દ્રીત,

દૂસરોકી નિરંતર નિંદા કરનેવાલા આ ચૌદ જીવિત છે તો પણ મરેલા છે. ૧. કામ વાતકા રોગ, ૨. લોભ કફકા રોગ, ૩. ક્રોધ પિતકા રોગ. સ્વયં તથા બીજાને જલાવે છે. ૪. ત્રણે મળે તો સંનેપાત થાય. ૫. મમતા-ધાધર-જનમ જનમના બંધનમાં નાખે, ૬. ઈર્ષા-ખંજવાળ-ખસ રોગ-ઈર્ષા બધાને પરેશાન કરે છે. ૭. હર્ષ શોક કંઠમાળનો રોગ, ૮. દૂસરેકા સુખ દેખકર જલન હોતી હૈ વહ ક્ષય રોગ-રાજ રોગ, ૯. કૃષ્ઠ રોગ-મનની દ્રુષ્ટતા એ કુષ્ઠ રોગ, ૧૦. અહંકાર ગાંઠનો રોગ, ૧૧. દંભ-કપટ-મદ-માન. જ્યાં કપટ હોય ત્યા દંભ હોય, દંભ હોય ત્યાં કપટ હોય, ૧૨. મદ માન મળે તો મદ આપે માનસનો રોગ છે, ૧૩. તૃષ્ણ-ઉદરવૃધ્ધિ, પુત્રેષણા, ધનેષણા, વિતેષણા, પ્રતિષ્ઠા-વાતવાતમાં અવિવેક કરે. ૧૪. મસ્તર-ઈર્ષા મિશ્રિત મદ-અભિમાન-મસ્તર પ્રાયઃ આંખમાં નિવાસ હોય છે.

હરેક વિદ્યા કોઈ પરમ તત્વે લઈ જાય છે
નિરાધારમાં આધાર ઉભો થાય છે.
સંકલ્પમાંથી સૃષ્ટિ ઉત્પન્ન થાય છે.
શ્રધ્ધા જગતનું આ સત્ય છે.

**- શ્રી મોરારી બાપૂ**

## રેગપીકર્સ

એક તરફ રોજેરોજ ઉત્પન્ન થતો ટનબંધ પ્લાસ્ટિક કચરો કોઈપણ પ્રકારની ટ્રિટમેન્ટ વિના દાટી દેવામાં આવે છે અથવા મહાસાગરોમાં ફેંકી દેવામાં આવે છે, તો બીજી તરફ ભારતીય કંપનીઓ અન્ય દેશોમાંથી પ્લાસ્ટિકના ભંગારની આયાત કરી રહી છે. આ પાછળનું કારણ એ છે કે અન્ય દેશોમાંથી પ્લાસ્ટિક કચરાની આયાત, સ્થાનિક સ્તરે ઉત્પાદિત પ્લાસ્ટિક કચરાના એકત્રીકરણ, તેના વર્ગીકરણ અને તેના રિસાઈકલિંગની પ્રક્રિયા કરતાં, પ્રમાણમાં ચાર ગણી સસ્તી પડે છે.

પ્લાસ્ટિક કચરાનો ઈનફ્લો નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭માં ૧૨,૦૦૦ ટન હતો, તે ચાર ગણો વધીને નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં ૪૮,૦૦૦ ટન નોંધાયો હતો. પંડિત દીનદયાળ ઉપાધ્યાયના ભાણેજ વિનોદ શુક્લાના પ્રમુખપદે તથા તેમની છત્રછાયા હેઠળ પંડિત દીનદયાળ ઉપાધ્યાય સ્મૃતિ મંચ દ્વારા તાજેતરમાં જ શરૂ કરવામાં આવેલા અભિયાન બાદ પર્યાવરણ મંત્રાલયે પ્લાસ્ટિક કચરાની આયાત પર પ્રતિબંધ મૂક્યો હતો.

ઉદ્યોગ, પર્યાવરણ સંરક્ષકો અને ખાસ કરીને રેગપિકર્સે આ નિર્ણયને આવકાર્યો હતો. વર્તમાનમાં, ભારતમાં દૈનિક ૨૫,૯૪૦ ટન પ્લાસ્ટિક કચરો ઉત્પન્ન થાય છે અને તે પૈકીનો આશરે ૪૦ ટકા પ્લાસ્ટિક કચરો એકત્રિત કર્યા વિનાનો રહે છે.

પેટ બોટલ્સનું એકત્રીકરણ કરવું એ રેગ પિકર્સ માટે આવકનો ચાવીરૂપ સ્રોત છે, કારણ કે, તે રિસાઈક્લિંગ ચેઈનમાં સૌથી ઊંચી માગ ધરાવે છે. વર્તમાનમાં, આપણા દેશમાં, રેગ પિકર્સ કોઈપણ પ્રકારની રોજગારી સુરક્ષા, વેતન કે ગૌરવ વિના કાર્ય કરે છે. એટલું જ નહીં, તેઓ અવાર-નવાર કાચ વાગવો, ઇન્ફેક્શન અને શ્વાસોચ્છવાસને લગતી બીમારીઓનો ભોગ બને છે. વળી, ગરીબી ઉપરાંત તેમણે રસ્તાઓ પર અપમાન, પજવણી અને જાતીય સતામણી જેવી સમસ્યાઓનો પણ સામનો કરવો પડે છે. રેગ પિકર્સ કચરો એકત્રિત કરીને તથા તેનું વર્ગીકરણ કરીને ભંગારના ડીલરો/રિસાઈકલર્સ સાથે વેપાર કરીને ગુજરાન ચલાવે છે. આપણે સ્થાનિક મ્યુનિસિપલ એકમો સાથે નિકટતાપૂર્વક કામગીરી કરીને, રેગ પિકર્સને કચરાના એકત્રીકરણની ઈકોસિસ્ટમનો અંગભૂત ભાગ બનાવીને સ્રોત પર જ કચરાને અલગ પાડવામાં આવે, તેવી ઈકોસિસ્ટમ પ્રસ્થાપિત કરવાની જરૂર છે, એમ વિનોદ શુક્લાએ સમજાવ્યું હતું.

દેશભરમાં શાખાઓ ધરાવતા આ સંગઠને ''પ્લાસ્ટિક વેસ્ટ ફ્રી ઈન્ડિયા (પ્લાસ્ટિક કચરામુક્ત ભારત)''નું સર્જન કરવા માટે ચળવળ આદરી છે અને તે માટે આ સંગઠન સ્થાનિક સરકારી એકમો, ચળવળકર્તાઓ, કોર્પોરેટ્સ, વિજ્ઞાનીઓ, વિદ્યાર્થીઓ તેમજ સમુદાયો સાથે નિકટતાપૂર્વક કામગીરી કરી રહ્યું છે.

વર્તમાન વૈશ્વિક વેસ્ટ રિસાઈકલિંગ માર્કેટનું મૂલ્ય ૨૮૨ અબજ ડૉલર છે, જેમાં ૨૦૧૮માં પ્લાસ્ટિક રિસાઈકલિંગ થકી ૩૭.૬ અબજ ડોલરની આવક થઈ હોવાનો અંદાજ છે. **- સૌ. જન્મભૂમિ પ્રવાસી**

## શ્રધ્ધાંજલી / સ્મરણાંજલી

'સેવાભાવી સામાજીક કાર્યકર વકીલ શ્રી હર્ષદભાઈ મહેતા (ઉ.વ.૮૩) તા.૨૭/૦૪/૨૦૧૯ના ટૂંક બિમારી બાદ મુંબઈ મુકામે શ્રીજી ચરણ પામ્યા.

તેઆશ્રી મુંબઈ સર્વોદય મંડળ, ગોવિજ્ઞાન ભારતી, ધનવંતરી આયુર્વેદીક સંસ્થા તથા ગોરક્ષા સત્યાગ્રહ સંચાલન સમિતિના હોદેદાર તથા ટ્રસ્ટીના પદે સેવા આપતા હતા. તેમનું જીવન સાદગીભર્યું પણ ઉચ્ચ વિચાર સરણી અનુરૂપ હતુ. તેમનો આત્મા ચિર શાંતિ પામો.

**- શ્રી. અમૃતલાલ દોશી, ગોસેવક**

## ઘરમાં ગાય વસાવો, ખેતીમાં બરકત વધારો...

અનિલ પાટીલનું નામ પડતાં જ ગામમાં બધા થથરતા. નાનીઅમથી વાતમાં સામેવાળાની ધોલધપાટ કરવી અને વર્ષે ઓછામાં ઓછું બે વાર જેલમાં જવું એ અનિલ પાટીલનો નિત્યક્રમ થઈ પડેલો. જો કે હવે અનિલ એના ગામનો ઈજ્જતદાર માણસ ગણાય છે.

આ ચમત્કાર થયો કેવી રીતે ?

અનિલ ચિત્રલેખાને કહે છે : 'મારા ઘરમાં દેશી ગાય આવી એમાં મારું જીવન ધરમૂળથી પલટાઈ ગયું. મેં થોડુંક ધાર્મિક સાહિત્ય વાચેલું એટલે ખબર હતી કે ગાય પવિત્ર પ્રાણી છે, એમાં દેવતાનો વાસ હોય છે. હું રોજ સવારે ગાયનું પૂજન કરવા માંડ્યો એટલે ગુસ્સો-ઝઘડવાની વૃત્તિ આપોઆપ ઓછી થતી ગઈ.'

અનિલ પાટીલ મહારાષ્ટ્રના સૌથી પૈસાદાર નગર કોલ્હાપુરથી બાવીસ કિલોમીટર દૂર આવેલા ચૂએ નામના ગામમાં ખેતી કરે છે. છેલ્લાં થોડાં વર્ષથી કોલ્હાપુર જિલ્લાનાં કેટલાંક ગામમાં ઘર ઘરમાં ગાય નામની મૂક ક્રાંતિ ચાલી રહી છે. હેતુ એ કે ઘરમાં દેશી ગાય (વર્ણસંકર નહીં) લઈ આવો, માનસિક શાંતિ મેળવવા ગાયની પૂજા કરો, એની સારસંભાળ રાખો અને એનાં છાણ-મૂત્ર વડે સેંદ્રિય ખેતી કરીને રાસાયણિક ખાતરના વિષયચક્રથી બચો. એટલું જ નહીં, ઘરમાં જ ગોબર ગૅસનો પ્લાન્ટ નાખીને રાંધણગૅસ અને એમાંથી વીજળી પણ મેળવો, તદ્દન મફત...!

શેખર ધર્માધિકારી નામના નિષ્ણાત ગૌશાસ્ત્રી જનભારતી ન્યાસ નામની સંસ્થા હેઠળ કોલ્હાપુરના અનેક તાલુકામાં ઘેર ઘેર ફરીને ગૌ આધારિત જીવનપ્રણાલીનો પ્રચાર કરી રહ્યા છે.

એ ચિત્રલેખાને કહે છે : 'પરાશર મુનિએ હજારો વર્ષ પહેલાં કોલ્હાપુર નજીકના પારગાવમાં ખેતી પર આખો ગ્રંથ લખ્યો હતો. ખેતીમાં ગૌમૂત્ર અને છાણનો કઈ રીતે ઉપયોગ કરવો એનું એમાં સ્પષ્ટ માર્ગદર્શન છે. પરાશર મુનિએ લખ્યું છે કે એક ગાયનું મૂત્ર-છાણ ખાતર તરીકે ૩૦ એકર જમીનને પોષી શકે, પણ હવે ગાયની ગુણવત્તા પણ ઓછી થતી ચાલી છે એટલે આજની ગાય માત્ર ત્રણેક એકર જમીનનો રસકસ ટકાવી-વધારી શકે. જો કે આ આંકડોય ઓછો તો નથી જ.'

ચૂએ ગામના અનિલ પાટીલે શેખરજીની સમજાવટથી જ એની બે એકર જમીનમાં રાસાયણિક ખાતર નાખવાનું બંધ કરીને ગૌમૂત્ર-ગોબરના પ્રયોગ શરૂ કર્યા હતા.

અનિલ કહે છે : 'પહેલા વર્ષે માત્ર પચાસ ટકા પાક થયો અને બીજા વર્ષે ૭૫ ટકા. હવે તો ૧૦૦ ટકા પાક થાય છે અને એની ગુણવત્તા પણ અવ્વલ પ્રકારની!'

અનિલ પાટીલના ખેતરમાં ૧૮-૨૦ ફૂટ ઊંચી શેરડી લહેરાય છે. એ શેરડીનો રસ મધ જેવો મીઠો અને એમાંથી જે ગોળ બને એનો સ્વાદ તો ખાનારા જ અનુભવી શકે. બીજી તરફ, પડખેનાં ખેતરો જ્યાં હજી પણ ખેડૂતો રાસાયણિક ખાતરથી ખેતી કરે છે એમની શેરડી જુઓ તો કદમાં નાની અને સ્વાદમાં ફિક્કી.

નવાઈ એ વાતની છે કે અનિલ પાટીલના ખેતરની જમીન પથરાળ છે અને પાણી પણ અનિયમિત છે, છતાં ગૌમૂત્ર અને છાણના ખાતરથી આ ચમત્કાર થયો છે.

શેખર ધર્માધિકારી કહે છે : 'ગૌમૂત્રમાં નવ પ્રકારના નત્ર (એનપીકે) હોય છે. એક ગાય દિવસમાં ૧૦થી ૧૮ લિટર મૂત્ર આપે છે. આમાં સવારે પાંચ વાગે ઊઠતાંવેંત ગાય જે મૂત્ર આપે એ શ્રેષ્ઠ છે.'

શેખરજી ગૌમૂત્ર, છાણ, સૂકું ઘાસ (ખડ), ચણાનો લોટ, ગોળ, લસણ, લીલું મરચું, તમાકુ અને ઘાસલેટનું સંયોજન કરીને જાતજાતનાં ખાતર બનાવે છે. જે પાક લેવાનો હોય એની પ્રકૃતિ, જમીનનો પ્રકાર, પાણીની પ્રાપ્યતા, વગેરે પરિબળને લક્ષમાં લીધા પછી આ દેશી ખાતરનો ઉપયોગ કરવામાં આવે. ઉપરાંત, ઊભા પાક પર જંતુનાશક તરીકે છ મહિને એકાદ-બે વાર ગૌમૂત્રનો ફુવારો કરવામાં આવે.

કોલ્હાપુરમાં ૧૯૭૦-૮૦ના દાયકામાં એક એકર જમીનમાં ૭૫થી ૮૦ ટન શેરડી થતી હતી, પણ રાસાયણિક ખાતરનો અતિરેકને લીધે હવે માત્ર ૩૫ ટન થાય છે.

શેખરભાઈ કહે છે : 'આપણે ઝેરી અન્ન ખાઈ રહ્યા છીએ. આજે સોમાંથી બાવીસ યુગલને સંતાન થતાં નથી એ રાસાયણિક ખોરાકને આભારી છે. આ પરિસ્થિતિથી છૂટવું હોય તો દેશી ગાયનું સંવર્ધન કરવું જ રહ્યું. ગૌમૂત્ર-ગોબરનો સુયોગ દેશનાં તમામ ખેડૂત શીખી જાય તો કેન્દ્રના બજેટનો ૬૦ ટકા ખર્ચ બચી શકે.'

કોલ્હાપુરની ભાગોળે બાર એકર જમીન ધરાવતા વગદાર ખેડૂત શ્રીકાંત ઘાડગે સ્થાનિક કિસાન યુનિયનના અધ્યક્ષ છે. એમની ખેતી છેલ્લાં કેટલાંક વર્ષથી નુકસાનમાં હતી. એકાદ વર્ષ પહેલાં શેખર ધર્માધિકારીએ એમણે રાસાયણિક ખેતી છોડીને ગૌ આધારિત ખેતી માટે સમજાવ્યા હતા. શરૂઆતમાં એમને બહુ રસ પડ્યો નહીં, પણ એમનાં પત્ની વર્ષાએ એક એકર જમીનમાં પ્રયોગ

માટે રાસાયણિક ખાતરને બદલે ગૌમૂત્ર-છાણનો ઉપયોગ કર્યો તો ચમત્કારિક પરિણામ મળ્યું.

વર્ષા ઘાડગેના એક એકરના પ્રયોગાત્મક ખેતરમાં શેરડીની બે હરોળની વચ્ચેની ખાલી જગામાં ચોળીનો પાક પણ લેવામાં આવ્યો હતો. ચોળીએ આર્થિક ફાયદો તો કરાવ્યો જ, પણ સાથે સાથે જમીનમાં નાઈટ્રોજન છોડવાનું કામ પણ કર્યું એટલે શેરડી વધુ સારી થઈ. એટલું જ નહીં, વર્ષાતાઈની જમીનમાં શેરડીની વચ્ચે કાંદા પણ વાવવામાં આવ્યા છે. જો કે આ કાંદા કાઢી ન લેતાં પાછા જમીનમાં દાટી દેવામાં આવ્યા, જેથી એક ઈલેક્ટ્રિક ફીલ્ડ તૈયાર થયું અને જમીનમાંના સૂક્ષ્મ જીવાણુની ક્ષમતા વધી. આ બધાનું સીધું પરિણામ શેરડી પર આવ્યું.

વર્ષા ઘાડગેએ એમના ફાર્મ હાઉસમાં અળસિયાંની ખેતી પણ શરૂ કરી છે. એક અળસિયું વર્ષમાં ૧૨૦૦ અળસિયાં પેદા કરે. અળસિયાં માટી ખાય અને માટી કાઢે. ઘરનો એઠવાડ, છાણ અને માટી અમુકતમુક માત્રામાં મિક્સ કરીને એમાં અળસિયાં નાખવાથી દોઢ મહિનામાં ખાતર તૈયાર થાય. આ ખાતર અને ગૌમૂત્ર-છાણમાંથી બનાવેલું ખાતર ખેતીમાં નાખો એટલે બીજું કંઈ કરવાની જરૂર ન પડે.

સેંદ્રિય ખેતીના આવા ચમત્કારથી જ કદાચ ભણેલા-ગણેલા યુવકો પણ હવે ખેતી તરફ પાછા ફરતા થયા છે. કોલ્હાપુર નજીકના કળે ગામમાં રહેતા ભાર્ગવ ભાળવણે બીએ વિથ ઈંગ્લિશ છે. એમણે પહાડી જમીનમાં ગૌ આધારિત ખેતી શરૂ કરી છે. સેંદ્રિય ખેતીનું આ એમનું પહેલું વર્ષ છે, પણ પ્રાથમિક પરિણામથી એ એટલા ઉત્સાહિત થયા કે રાસાયણિક ખાતરને કાયમ માટે વિદાય આપી દીધી છે.

એ કહે છે : 'ચાર વર્ષ પહેલાં મેં આ જમીન મેળવી ત્યારે એ તદ્દન ઉજ્જડ હતી. એમાં ખેતી કરવાનું નક્કી કર્યું એ પહેલાં એને સમથળ કરી. વરસાદ પહેલાં કચરો નાખીને જમીન ભરી. પછી આખી જમીન પર ગૌમૂત્રનો છટકાવ કરીને એને જંતુરહિત બનાવી. ખેતરમાં જ મોટો ખાડો ખોદીને તળાવ બનાવ્યું છે. એમાંથી પાઈપ વાટે ખેતરમાં ટપક સિંચાઈ માટેની લાઈન આપી છે. આ વર્ષે મેં એમાં શેરડી વાવી છે, પણ મને ખાતરી છે કે આવતી સીઝનમાં ગૌમૂત્ર-છાણના ખાતરને આધારે હું તલ અને સૂર્યમુખી જેવો રોકડ પાક આસાનીથી લઈ શકીશ.'

કહેવાની જરૂર નથી કે સેંદ્રિય ખેતી કરતા દરેકેદરેક ખેડૂતના ઘરે ઓછામાં ઓછી એક ગાય છે.

કોઈને થાય કે ગાયની સારસંભાળ લેવાનું બહુ કડાકૂટભર્યું હશે, પણ ચૂએ ગામના અનિલ પાટીલ કહે છે : 'દિવસમાં માત્ર અઢીથી-ત્રણ કલાક ગાય માટે આપો તો બસ છે. બાકી, એ બિચારી આપણી પાસે કંઈ માગતી નથી. મારી પોતાની વાત કરું તો ઘરમાં ગાય પાળી એ પહેલાં વર્ષે વીસથી ત્રીસ હજાર રૂપિયા દવામાં જતા હતા. હવે ગાયનું દૂધ-ઘી ખાઈએ છીએ એટલે ડૉક્ટરનાં ચક્કર સાવ બંધ થયાં છે.'

આ જ ગામમાં રહેતા રામચંદ્ર પાટીલે પણ ગૌ આધારિત ખેતી અપનાવી છે. **<u>એની આંખમાં બ્લૅક સ્પૉટ હતા. અગાઉ ૪૦,૦૦૦ રૂપિયાની દવા કરેલી, પણ એ ડાઘ જતા નહોતા. છેવટે છ મહિના ગાયનું ઘી આંખમાં આંજ્યું તો ડાઘ જતા રહ્યા એવું એમનું કહેવું છે.</u>**

હવે ચાલો, ઘરપણ નામના ગામમાં. અહી વિઠ્ઠલ દાજી દેસાઈ નામના ખેડૂત સેંદ્રિય ખેતી કરે છે. એમણે ગોબર ગૅસનો પ્લાન્ટ નાખ્યો છે એટલે રસોઈમાં ગૅસના બાટલા કે કેરોસીનની બિલકુલ જરૂર નથી પડતી. બીજું, આ જ ગોબર ગૅસથી એ લોટ દળવાની ચક્કી અને શેરડી પીલવાનો સંચો ચલાવે છે. ઘરપણની બાજુનાં કેટલાંક ગામમાં મુસ્લિમ કિસાનો પણ ચારેક વર્ષથી શેખર ધર્માધિકારીની સલાહથી ગૌ આધારિત ખેતી તરફ વળ્યા છે.

શેખરભાઉ કહે છે : 'અમે એમને જાતવાન દેશી ગાય આપી ત્યારે એમની પાસે એ જ બાંયધરી લીધી હતી કે ગાયની દેખભાળ ન થઈ શકે ત્યારે એને કસાઈવાડે ન મોકલતાં અમને પાછી આપી દેવી. મને એ વાતનો આનંદ છે કે એક પણ ગાય કસાઈવાડે નથી ગઈ કે નથી અમારી પાસે પાછી આવી. ઊલટું ગોપાષ્ટમીના દિવસે મુસલમાનભાઈઓ પણ હોંશે હોંશે ગાયની પૂજા કરે છે.'

ઘર ઘરમાં ગાયની આ ક્રાંતિ લાવનારા શેરખરજી મૂળ સંઘના કાર્યકર ૧૯૯૮માં એમણે પહેલી વાર ગૌમૂત્ર-છાણ આધારિત ખેતીના પ્રયોગ શરૂ કર્યા ત્યારે ભારોભાર નિરાશા સાંપડી હતી. પહેલી વાત તો એ કે રાસાયણિક ખેતી છોડવા ભાગ્યે જ કોઈ ખેડૂતો તૈયાર થયા અને જે તૈયાર થયા એમનો પાક ભયંકર કદે ઓછો થયો. શેખરજી કહે છે કે પહેલા ત્રણ વર્ષ બહુ નિષ્ફળતા મળી, પણ ચોથા વર્ષથી પરિણામ દેખાવા માંડ્યાં. હવે પરિસ્થિતિ એ છે કે ગૌમૂત્ર-છાણ વડે રસકસવાળી બનેલી જમીન એટલી સુંવાળી થઈ ગઈ છે કદાચ થોડાં વર્ષ પછી એને ખેડવાની પણ જરૂર નહીં પડે. એનામાં આપોઆપ પાક થશે.

**- સમીર પાલેજા, સૌ. ચિત્રલેખા**

## મૌન-એકાંત :
## અજ્ઞેયનો અણસાર, અપરંપારનો પદચાપ...

જેમ બીજ હોય કે ગર્ભ તેની વૃધ્ધિ-વિકાસ માટે અંધકાર અનિવાર્ય છે. તેમ જ સર્જન કે સાધના માટે એકાંત-મૌન અમૂલ્ય છે. તેનાથી જ બધું લયમાં આવે છે. તેના ઉજાસમાં જ સમસ્યા વિસર્જીત થાય છે. તેના થકી પ્રત્યક્ક્ષીકરણ પરિશુધ્ધ, સંવેદનશીલતા પરિપક્વ અને ભ્રમોનું છેદન-ભેદન થાય છે. અપૂર્વ મિલનની ક્ષમતા એકાંતમાંથી તો શબ્દનું બળ મૌનમાંથી આવે છે. સ્વાતંત્ર્યનું શિખર કે સમાધિનું ઉંડાણ તેને લીધે જ પામીએ છીએ. ગ્યુથે તો કહેતો, 'નિરપેક્ષ એકાંત સિવાય હું કશું સર્જી શકું નહીં.' સર્જકની સમજના બીજ માટે અને સાધકની જીવનના મૂળ ઉંડા જાય તે માટે પણ તે અનિવાર્ય છે. તેમાં ઝબોળાઈને આવતાં શબ્દો-કૃત્યો દરીયાઈ ઉંડાઈ અને ઝરણાંની પ્રવાહિતા હોય છે તે શી રીતે થાય છે તે જોઈએ.

મૌન-એકાંત એવું બિંદુ છે જ્યાંથી અનાસક્ત સાક્ષી બનીને ઈચ્છા, સ્વપ્નો, વિચારો, આકાંક્ષાને જોઈ શકાય છે. તે નિરીક્ષણને લીધે આપણી અંદરનું નિમ્ન-નબળું વિખેરાય છે અને સત્વશીલ - આત્મવાન પારખી શકાય છે. સાપેક્ષ-નિરપેક્ષ, ક્ષણભંગૂર શાશ્વત વચ્ચેનો વિવેક કરી શકાય છે. ચિત્ત આછરીને નિર્મળ બન્યું હોય છે, તેની પ્રતિબિંબ ઝિલવાની ક્ષમતા અમાપ વધે છે, જ્યારે સંદર્ભોનો બોજ ખરી પડે છે. સજગ-સચેત સંવેદનશીલતા પરિશુધ્ધ સર્જનનો માર્ગ મોકળો કરી નાખે છે. વ્યક્તિત્વ ઘડતર સમાજમાં થાય છે પણ જન્મજાત પ્રતિભાનું પોષણ એકાંત-મૌનમાં મળે છે. મોત્ઝાર્ટ લખે છે 'જ્યારે હું એકમાત્ર હોઉ છું, આનંદમાં હોઉ છું ત્યારે અઢળક શ્રેષ્ઠ વિચારો આવે છે.' તો વોલ્ટેર 'વ્યસ્ત એકાંતવાળું જીવન સર્વશ્રેષ્ઠ' ગણે છે. એકાંત-મૌન અપૂર્વ-અનન્ય કરૂણા છે, તે બધાને નથી મળતી. તેને લીધે વ્યક્તિમાં ચૈતસિક ક્રાંતિ, દ્રષ્ટિમાં પરિવર્તન, અભિગમમાં સમગ્રતા આવે છે. અન્ય સાથે સંવાદ માટે વાણી જોઈએ, આત્મસંવાદની ભાષા તો મૌન છે. આત્મસ્થ, સ્વસ્થ, કેન્દ્રસ્થ થવા માટે અનિવાર્ય રીતે મૌનસ્થ થવું પડે. જહોન લીલી કહે છે, "Solitude is an anchor in Void". એકાંતમાં જ અજ્ઞાત અને અજ્ઞેયનો અણસાર આવે છે. એકાંત-મૌનમાં જ આપણો ગમતો અંતરંગ સાંવેગિક કાંઠો, ચૈતસિક ઘાટ અને સર્જનાત્મક - આધ્યાત્મિક ટાપુ શોધવાનો અવકાશ છે. તે આપણી અજ્ઞાત લેન્ડસ્કેપ પર લટાર મારવાનો સમય છે. તે સર્જન-વિસર્જનની અનિવાર્ય પૂર્વસ્થિતિ અને પૂર્વશરત છે. તે અવસ્થાને સર્જકો 'પાવક પ્રમાદ' કહે છે. એક ઝેન કાવ્ય તે અવસ્થાને આમ વર્ણવે છે : "Sitting Quietly, doing nothing, spring comes and the grass grows by itself". આ એકાંત-મૌન સંબોધી કે સર્જન પૂર્વેની પરિપકવતા અને પરિશુધ્ધિ માટે જરૂરી છે. જ્યારે સંબોધી બાદ પાવકતા માટે જરૂરી છે. દુન્યવી દ્રષ્ટિએ જોઈએ તો "Silence cannot be misquoted". અલૌકિક અનુભવો એમ કહે છે કે જ્યારે જ્યારે પ્રગાઢ મૌન ઉતરે છે, (જ્યારે સ્વ પણ ખલેલ લાગે) ત્યારે અજ્ઞાત, અપૂર્વ, અનંત, અઢળક ઉતરે છે. જીબ્રાન કહેતો, 'સત્ય શોધવામાં બે ની જરૂર છે, એક ની ઉચ્ચારવામાં, એકની તેને સમજવામાં'.

### ❖ મૌન-એકાંત : ઘોંઘાટ - ધ્વનિના ગર્ભમાં વિશ્રાંતિ

એકાંત-મૌન અનંત આયામી છે. તે કોઈ નિષ્ક્રિય અવસ્થા નથી. સૌ પ્રથમ સજગતા સાથે ક્ષુદ્ર તથ્યો-વિગતો અને ક્ષણભંગૂરથી ચિત્તને હટાવી લેવાનું છે. જીવન ચૈતન્ય નિરર્થક અને સ્થૂળમાં વેડફવા માટે નથી. એકાંત-મૌનમાં કશે પહોંચવાની દોડ ખરી પડે છે, સમય નિરર્થક બને છે, ઓળખ-ઈચ્છા ઓગળી જાય છે. અસંખ્ય ફૂલોમાંથી મધ એકઠું કરતાં પતંગીયા જેવી મનોવૃત્તિ અને વ્યસ્તતા સારી નથી. નદીને વહેવું છે, કશે પહોંચવું નથી. તે એક એવી અવસ્થા કે જેમા નિરીક્ષણ હોય પણ નિરખનાર ન હોય, કેન્દ્રમાં સ્વ ન હોય. જોવાનું કૃત્ય છે, જોનાર કર્તા નથી. આપણે જ્યાં - જેવા છીએ ત્યાં વિશ્રામ લેવાનો છે. જીવનની સમગ્રતાને શરણે જવાનું છે, સ્વીકારભાવ રાખવાનો છે. આપણા અચેતનમાં, આપણી સૌ પાસે જન્મ પૂર્વનો અને મૃત્યુ પશ્ચાતનો આદિમ એકાંત-મૌનનો એક ગોખલો છે ત્યાં બેસવાનું છે. આ ક્ષણ-સ્થળથી મૂલ્યવાન બીજું કશું નથી. તે અશબ્દ-નિ:શબ્દની બારીએથી અન્યને નિરખવાના છે, પછી બારી છોડીને સ્વને નિરખવાનો છે. ઊંડા મૌનમાં સાંભળવાનું છે અને મૌન દરમ્યાન એકાંત ઉપાસવાનું છે અને એકાંતમાં મૌન આરાધવાનું છે. રહસ્યવાદી તેથી જ માને છે કે પ્રાર્થના નિવેદન નથી, સાંભળવાની વિધી છે. પછી તો મૌન જ મુક્તિ અને સમર્પણ જ અવસ્થા બની જશે. કશું શોધવાનું નથી. શોધ અને શોધનાર જ અવરોધપૂર્ણ ઘોંઘાટ છે. બસ નવરાશ-મોકળાશ-હળવાશ-અવકાશ અનુભવીએ. તે દરેકને પોષાય તેવી સમૃધ્ધિ છે. મૌન અવકાશમાં અનુભવાય કે તરત જ

મહાપ્રજ્ઞા - મહાકરૂણાની ધારા બિનશરતી રીતે બધેથી વહે છે. કાવ્યોમાં શબ્દ અને સંગીતમાં સૂરથી પણ વધુ સહજ - સરળ મૌનનો લય છે. દૈનિક જીવનની ઘટનાઓ વચ્ચે વિશ્રાંત થવાનું છે. ઘોંઘાટના કેન્દ્રમાં શાંતિ, ધ્વનિના ગર્ભમાં મૌન વસે છે. કવિવર ટાગોરે તો અવકાશરસને જ રસોનો ચક્રવર્તી ગણ્યો છે. તાઓ કાવ્ય કહે છે : 'આંખો બંધ કરો બધું સ્પષ્ટ દેખાશે, કાન બંધ કરો સત્ય સંભળાશે. બોધિ ઉતરે તે પૂર્વે મૌન અનિવાર્ય છે. તત્પશ્ચાત તો મૌન સ્વયં જ ઉતરે છે. કોઈ ન હોય ત્યારે મોજુદગી અનુભવવાની આ કલા છે. ક્યારેક ચિત્તને રૂમીની રૂબાઈ, કબીરના શબદ, ટાગોરના સૌંદર્યલોકના ઘેનથી અને જીબ્રાનના રહસ્યવાદી રંગોનાં લસરકાથી પણ દૂર ચાલ્યા જવું હોય છે, કશેક અજ્ઞેયમાં. ત્યારે મૌન-એકાંત મારગ પણ છે, મંઝિલ પણ છે.

કવિ શેલી પ્રકૃતિમાં ખોવાઈ જવા રખડવા નીકળી પડતાં. ત્યારે પોતાની નાની એવી ઝાંપલી પર નોંધ મૂકી જતા;

''આવો દોસ્ત,

હું ખેતરે ગયો છું. આ મધુર કલાકો જે વહેંચે અને વિખેરે તે ઝિલવા. તમે આવતીકાલે આવો....'

**- સુભાષ ભટ્ટ, ફોન નં.૦૨૭૮-૨૫૬૯૮૧૫**

## જળસંગ્રહ માટેનો એક અનોખો પ્રયોગ

ઉત્તર મહારાષ્ટ્રના શહાડા તાલુકામાં ગોમઈ નદી પર ડાંબરખેડા નામનું એક ગામ આવેલ છે. ગોમઈ નદી ડાંબરખેડા પસાર કરીને પ્રકાશા ગામે તાપી નદીને મળે છે. વર્ષ ૨૦૦૦ ની વાત છે. ડાંબરખેડા વિસ્તારમાં આવેલા ઘણા બધા કૂવાઓ સૂકાઈ ગયા તથા બોરવેલમાં જળસ્તર ૫૦૦-૭૦૦ ઉંડે પહોંચી ગયું વર્ષમાં ૪-૬ મહિના વહેતી નદી ગામ પાસે હોવા છતા આમ બન્યું. લોકો પાણી વિના હેરાન પરેશાન થઈ ગયા ત્યારે મોતીલાલ તાત્યા નામનો ગામનો એક યુવક પૂનામાં એમ.એસ.સી. (એગ્રીકલ્ચર) નું ભણતો હતો તેણે આ વિષે ઉંડુ ચિંતન કર્યું અને એને જે ઉપાય સૂઝ્યો તે તેણે ગામના સરપંચને જણાવ્યો.

સરપંચને તેણે કહ્યું કે વર્ષમાં ૪-૬ મહિના નદીમાં પાણી રહેતું હોવા છતાં, કૂવા પાણી વિનાના થઈ ગયા અને બોરવેલને પણ ૫૦૦-૭૦૦ ઉંડાઈએથી પાણી ખેંચવું પડે છે એ દર્શાવે છે કે નદીનો તટ NON-POROUS (બિન-છિદ્રાળુ) થઈ ગયો છે. જો આ નદીના તટ પર પાણીના વહેણની કાટ ખૂલે હળ-ટ્રેકૂટર ચલાવવામાં આવે, તો સંભવ છે કે ઉપરનું કઠણ-બિનછિદ્રાળુ પડ તૂટી જશે અને જમીનનો નીચેનો હિસ્સો, જે પોચો અને છિદ્રાળુ છે તે વહેતા પાણીના સંપર્કમાં આવશે જેનાથી નદીનું પાણી ભૂગર્ભમાં ઊતરી ગામનું જળસ્તર ઉંચુ લાવી દેશે જેથી કૂવાઓ ફરીથી પાણી ભરેલા થઈ જશે અને બોરવેલમાં પણ જળસ્તર ઉંચુ આવી જશે.

સરપંચને મોતીલાલની વાતમાં દમ લાગ્યો અને તેણે આ વિચારને અમલમાં મૂકવા ગ્રામજનોની સભા બોલાવી. બધાને આ યોજના સમજાવી અને બીજે દિવસે બધા ગ્રામવાસીઓને પોતાના હળ, ટ્રેક્ટર વગેરે લઈને નદીના ઉપરવાસનાં ૧ કિ.મી. ના તટ પર બોલાવ્યા. મોતીલાલની યોજના મુજબ ગ્રામજનોએ નદીના વહેણના કાટખૂણે પોતાના હળ-ટ્રેક્ટર ફેરવ્યા ત્યારે ઉપરનું કઠણ પડ તૂટતાં નદીના તટનાં અંદરના પડમાં પોચી છિદ્રાળુ (POROUS) માટી દેખાઈ. આરીતે ગ્રામવાસીઓ ગામની ઉપરવાસમાં નદીના ૧ કિ.મી. ના વિસ્તારમાંના કઠણ પડ ને તોડી પાડ્યો. આ સમગ્ર કાર્ય ઉનાળાના મે મહિનામાં પાર પાડ્યો. જૂન મહિનો વરસાદ વગરનો કોરો ગયો. પરન્તુ જુલાઈ મહિનામાં થયેલા વરસાદ બાદ પહેલી વાર નદીમાં પાણી આવ્યું. દર વર્ષે તો આ પાણી આગળ પ્રકાશા ગામે જઈ તાપી નદીમાં ઠળવાતુ પરન્તુ આ વર્ષે પાણી ઉપરવાસની પોચી જમીનમાં ઉતરી ગયું. આ વર્ષે પાણી પ્રકાશા ગામે પહોંચ્યુ જ નહિ. બીજે દિવસે લોકોએ પોત પોતાના કૂવા-બોરવેલ તપાસ્યા તો આશ્ચર્યચકિત થઈ ગયા. બધા કૂવાઓ પાણીથી ભરાઈ ગયા જ્યારે બોરવેલમાં પણ જળસ્તર ૯૦' સુધી આવી ગયું.

આમ ફક્ત ૧ વરસાદ અને કિ.મી. ના પટ્ટામાં કરેલા પ્રયોગથી તેમની જળસમસ્યા કાયમ માટે હલ થઈ ગઈ. પછી તો આજુબાજુના કેટલાય ગામના લોકો આ પ્રયોગ જોવા ડાંબરખેડા આવવા લાગ્યા અને પોતપોતાના ગામે આવો પ્રયોગ કરવાનું નક્કી કર્યું.

તત્કાલીન જિલ્હાધિકારી શ્રી અસીમકુમાર ગુપ્તાએ પણ મોતીલાલના આ કાર્યની નોંધ લીધી, તેનુ જાહેરમાં સન્માન કર્યુ અને તેને ''વોટરમેન ઓફ શહાડા'' ના ઈલ્કાબથી નવાજ્યો.

જળસંગ્રહનો આ અનોખો પ્રયોગ, મહારાષ્ટ્રમાં અને સંભવત ભારતમાં પણ પહેલીવાર થયો છે. આશા રાખીએ, પાણીની અછતવાળા ગામો, આ પ્રયોગને બેવડાવે અને પોતાના ગામની પાણીની સમસ્યા દૂર કરે.

**- પ્રેષક : શિલ્પા વૈસાસ, અનુવાદ : શાંતિલાલ ગડા**

## નાણાકીય સહાય માટે અપીલ

તા. ૩ મે ૨૦૧૯ ના ''ફાની'' નામનું ચક્રવાતી વાવાઝોડુ ઓરિસા પર ત્રાટક્યુ અને જાનમાલની પુષ્કળ હાની થઈ. કટક શહેર નજીક આવેલ વૈદ્યભવન ગૌશાળા પણ આની ઝપેટમાં આવી ગઈ.

પ્રતિ કલાક ૧૫૦ કિ.મી. ના વેગથી ફૂંકાતા પવને ગૌશાળા તથા ઘાસના ગોડાઉન ઉપરના છાપરા ઉડાડી દીધા તો ત્યારબાદ વરસેલા વરસાદે ગોડાઉનમાં રહેલા ચારાને પૂર્ણતઃ ભીંજવી દીધો, જેથી તે પશુઓને ખાવાલાયક ન રહેતા પૂર્ણપણે ફેંકી દેવો પડ્યો.

આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત ડો. શારદાનંદ મિશ્રાની દેખરેખ હેઠળ ચાલતી આ ગૌશાળા ૧૫૦ વર્ષ જૂની છે, જેની સ્થાપના ૧૬૦ વર્ષ પૂર્વ ડો. શારદાનંદના પરદાદાએ કરેલી. અત્યારે ગાયો, વાછરડા, સાંઢ બધુ મળીને ૧૦૦ જેટલો ગોવંશ અહીં નભી રહ્યો છે. રોજનો તેમને ઘાસચારો ખવડાવવાનો ખર્ચ જ ફક્ત રૂા.૬૫૦૦ છે. (મહિનાના લગભગ રૂા. બે લાખ, ૩ મહિનાના રૂા.૬ લાખ) આ ઉપરાંત ઉડી ગયેલા, તૂટી ગયેલા, વાંકા વળી ગયેલા છાપરાના સ્થાને R.C.C. નો SLAB બનાવવાની યોજના છે જેથી કરીને ભવિષ્યમાં આવનાર વાવાઝોડનો સામનો થઈ શકે, જેનો અંદાજિત ખર્ચ રૂા.૪.૦૦ લાખ જેટલો છે. આમ ગૌશાળાને પૂનઃ પગભર બનાવવા આમ ટોટલ રૂા.૧૦ લાખની તાકીદે જરૂર છે. ગૌવિજ્ઞાન ભારતીએ તાત્કાલિક મદદ રૂપે ૨૫૦૦૦ નો ચેક તો મોકલ્યો છે પણ કાર્ય ભગીરથ છે એટલે ગોવિજ્ઞાન ભારતી ''ગૌરક્ષાપાત્ર'' ના વાંચકોને ગૌશાળા માટે ઉદાર હાથે દાન કરવા અપીલ કરે છે.

આપનો ડોનેશન ચેક ''Govigyan Bharati'' ના નામે લખવો અને Govigyan Bharati
C/O. શ્રી અમૃતલાલ દોશી, ૧૫ કુબેર કુંજ,
કારાણી લેન, ઘાટકોપર (પશ્ચિમ),
મુંબઈ ૪૦૦ ૦૮૬
**ના સરનામે કુરિયરથી મોકલી દેવો.**
વધુ વિગત માટે સંપર્ક:
શ્રી અમૃતલાલ દોશી 09223552653
શ્રી શાંતિલાલ ગડા 09323412471

**આપના ડોનેશનની પાકી રસીદ આપવામાં આવશે. (80(G) ની સર્ટીફિકેટ સાથે)**

**- લિ. અમૃતલાલ દોશી, ઉપ પ્રમુખ, ગૌવિજ્ઞાન ભારતી.**

## નારણદાસ ગાંધીને પત્ર
### (૧૯૩૦ સપ્ટેમ્બર ૨, યરવડા મંદિર)

અભય એટલે બાહ્ય ભયમાત્રથી મુક્તિ. મોતનો ભય. ધનમાલ લૂંટાવાનો ભય, કુટુંબપરિવાર વિશેનો ભય, રોગનો ભય, શસ્ત્રપ્રહારનો ભય, આબરૂનો ભય, કોઈને ખોટું લગાડવાનો ભય, એમ ભયની વંશાવળી જેટલી લંબાવીએ તેટલી લંબાવી શકાય. સત્યની શોધ કરનારે આ બધા ભયોને તિલાંજલિ દીધે જ છૂટકો...

ભયમાત્રથી મુક્તિ તો જેને આત્મસાક્ષાત્કાર થયો હોય તે જ પામી શકે. અભય અમૂર્છ સ્થિતિની પરાકાષ્ઠા છે. નિશ્ચય કરવાથી, સતત પ્રયત્ન કરવાથી અને આત્મા ઉપરની શ્રદ્ધા વધવાથી અભયની માત્રા વધી શકે છે. મેં આરંભમાં જ કહ્યું કે આપણે બાહ્ય ભયોથી મુક્તિ મેળવવી છે. અંતરમાં જે શત્રુ રહ્યા છે તેમનાથી તો ડરીને જ ચાલવાનું છે. કામ-ક્રોધાદિનો ભય ખરો ભય છે. એને જીતી લઈએ તો બાહ્ય ભયોનો ઉપદ્રવ એની મેળે મટે. ભયમાત્ર દેહને લઈને છે. દેહ ઉપરનો રાગ ટળે તો સહેજે અભય પ્રાપ્ત થાય. આમ વિચાર કરતાં આપણે જોઈ શકીએ કે ભયમાત્ર આપણી કલ્પનાની સૃષ્ટિ છે. પૈસામાંથી, કુટુંબમાંથી, શરીરમાંથી 'મારા' પણું કાઢી નાખીએ એટલે ભય ક્યાં છે ? તેન ત્યક્તેન ભુંજીથાઃ એ રામબાણ વચન છે. કુટુંબ, પૈસો, દેહ જેવાં ને તેવાં રહે, તેમને વિશેની આપણી કલ્પના બદલવી રહી. એ 'આપણાં' નથી, એ 'મારાં' નથી; એ ઈશ્વરનાં છે ; 'હું' પણ તેનો છું; 'મારું' એવું આ જગતમાં કંઈ જ નથી. પછી મને ભય શાને વિશે હોઈ શકે ? તેથી ઉપનિષદકારે કહ્યું, ''તેનો ત્યાગ કરીને તે ભોગવ.'' એટલે આપણે તેના માલિક મટી કેવળ રખેવાળ થઈએ. જેની વતી રખેવાળ રહીએ, તે તેની રક્ષા કરવા પૂરતી શક્તિ અને સામગ્રી આપી દેશે. આમ સ્વામી મટીને સેવક થઈએ. શૂન્યવત્ થઈ રહીએ તો સહેજે જ ભયમાત્ર જીતીએ, સહેજે શાંતિ મેળવીએ, સત્યનારાયણનાં દર્શન કરીએ.

બાપુના પત્રો-૯ઃ નારાણદાસ ગાંધીને, ભા.૧; અક્ષરદેહ-૪૪ (૧૯૭૯) ૧૧૪-૧૫

જો આપણે ઈશ્વરથી ડરશું તો મનુષ્યનો ડર નીકળી જશે.

**- ગાંધીજી**

**મહાત્મા ગાંધીના વિચારો (૧૯૬૭) ૫૫**

**ગાવો વિશ્વસ્ય માતરઃ**

## અનુસંધાન પાના નં.૧૬ પરથી ચાલુ...

એ માણસ હજુ તો પોતાની જગ્યાએ પાછો આવીને બેઠો જ હતો ત્યાં જ પાઈલટ બહાર આવ્યા. એની સાથે હાથ મિલાવીને બોલ્યા. 'જેન્ટલમૅન' હું એરફોર્સમાં ટ્રેનિંગ પર હતો ત્યારે મારા માટે પણ કોઈએ આમ જ લંચ ખરીદેલું! એ વ્યક્તિને હું આજ સુધી નથી ભુલી શક્યો તમે આપણા દેશના જવાનો માટે જે કર્યું છે એના માટે હું તમારો આભાર માનું છું.' એક અન્ય વ્યક્તિએ એના હાથમાં બીજા ૨૫ ડોલર મૂકી દીધા. વિમાને ઉતરાણ કર્યું એ વખતે વિમાનના દરવાજા પાસે ઉભેલી એક વ્યક્તિએ ચુપચાપ આ માણસના ખિસ્સામાં બીજા ૨૫ ડોલર મુકી દીધા.

ટર્મિનલના અરાઈવલ વિભાગમાં આ માણસ પહોંચ્યો ત્યારે એના ખિસ્સામાં ૭૫ ડોલર ભેગા થઈ ગયા હતા. પોતે આપ્યા હતા પચાસ ડોલર અને ભેગા થઈ ગયા હતા ૭૫ ડોલર! એને બેચેની થવા માંડી ત્યાં જ એનું ધ્યાન મિલિટરી બેઝ તરફ જવા માટે તૈયાર સૈનિકો પર પડ્યું. એ દોડતા એમની પાસે ગયો. પોતાની પાસે જમા થયેલા ૭૫ ડોલર સૈનિકોને આપતા એ બોલ્યો, 'ફ્રેન્ડસ! હજુ તમારો બેઝ કેમ્પ ખુબ દૂર છે. એ લાંબા રસ્તા પર ફરી ભૂખ લાગે ત્યારે સેન્ડવિચ વગેરે ખરીદવા આ કામ આવશે! પ્લીઝ! ના નહીં પાડતા'!

એનું માન રાખવા સૈનિકોએ પૈસા સ્વીકારીને એક સાથે બોલ્યા, 'થેન્ક્યૂ જેન્ટલમૅન! તમે જે કર્યું છે એ માટે તમારો આભાર! ' આ માણસ કાંઈક બોલવા ગયો પણ બોલી જ ન શક્યો. એના ગળે ડૂમો ભરાઈ આવ્યો. મનમાંને મનમાં એટલું જ બોલ્યો, 'અરે જવાનો! મેં વળી તમારા માટે શું કર્યું છે? બસ, એક પાંચ ડૉલરનું લંચ આપ્યું એ જ? તમે સૌ તો તમારી સમગ્ર જિંદગી અમારા રક્ષણ માટે કુરબાન કરી દો છો, એ પણ અમારા 'થેન્ક્યૂ'ની અપેક્ષા રાખ્યા વિના! ધન્ય છે તમને, સલામ છે તમને!'

ભીની આંખે એણે પોતાની કાર સ્ટાર્ટ કરી. સૈનિકોની વાન પેતાવાવા જવા આગળ વધી.

જે દેશના દરેકે દરેક નાગરિકને પોતાના સૈનિકો માટે આટલું માન હોય એ લશ્કર કોઈ યુધ્ધ મોરચે પાછું પડે ખરું? આપણે સુખેથી સુઈ શકીએ એ માટે એ લોકો પોતાની જિંદગી પણ આપી દેતા હોય છે. એ જવાં મર્દ સૈનિકોને, એ નરબંકાઓને સો સો સલામ!

**- ડૉ. આઈ. કે. વીજળીવાળા, સૌ.પરિત્રાણ**

## મન જીતે - જગ જીત

ગુરુ નાનકદેવ કહતે હૈ, 'મન જીતે જગ જીત'

અગર આપને મન કો જીત લિયા, તો આપને સારે સંસાર પર વિજય પ્રાપ્ત કર લી ઔર અગર આપ અપને હી મન સે હાર ગએ, તો માન લેં કિ આપ પુરી દુનિયા સે હાર ગયે. યાદ રહે, દુનિયા કો જીતના બહુત મુશ્કિલ હૈ. દુનિયા કો કોઈ નહીં જીત સકા. બડે-બડે સિકંદરો ને સોચા, હિટલર જૈસોં ને સોચા, બહુત સે આપ જૈસોં ને સોચા કિ વે સંસાર કો જીત લેંગે। સામ, દામ, દંડ, ભેદ સે જીત લેંગે। અપને પરચમ ફૈલા દેંગે, લેકિન વે સબ હારે. બુદ્ધ, ગુરુ નાનક, કબીર, રૈદાસ, દાદૂ દયાલ, ઈન લોગોં ને સંસાર કો જીતને કી ફિક્ર નહીં કી. ઈન લોગોં ને અપને મન કો જીત લિયા. મહાવીર, જો જૈનિયોં કે આખરી તીર્થંકર હુએ, ઉન્હોંને વીરતા કી, કૌન સે તીર-તલવાર ચલાએ થે, કૌન સે યુદ્ધ જીતે થે? ઉન્હોંને કિસી ઔર સે યુદ્ધ નહી કિયા, ઉન્હોંને કિસી ઔર કો નહીં હરાયા. ઉન્હોંને સિર્ફ અપને મન કો જીત લિયા. ઉન્હોંને સિર્ફ અપને મન કો સમઝ લિયા, ઉન્હોંને સિર્ફ અપને મન કે સંસ્કાર, ઈચ્છા, અપેક્ષા કા જાલ તોડ દિયા ઔર ઉસસે બાહર આ ગએ. ઈસલિએ હમ ઉન્હેં 'મહાવીર' કહતે હૈં. જો તીર-તલવારબાજી સે દૂસરોં પર વિજય પ્રાપ્ત કરે, વહ વીર હો સકતા હૈ, પર જો અપને હી મન કો જીત લેતા હૈ, વહી 'મહાવીર' હોતા હૈ.

**- પ્રેષક : શ્રી દિનેશ દેઢિયા**

## આવશ્યક સૂચનાઓ

ગૌરક્ષાપાત્રની પ્રીન્ટ કોપી ડિસેમ્બર ૨૦૨૦ પછી ન છાપવાનો નિર્ણય તંત્રી મંડળે અનિવાર્ય સંજોગોવશાત્, ભારે હૈયે લીધો છે એટલે ડિસેમ્બર ૨૦૨૦ પછી ગૌરક્ષાપાત્ર ફક્ત તેની **Website:www.gorakshapatra.org.** પરથી જ વાંચી શકાશે.

ગૌરક્ષાપાત્ર ચલાવવા અમારી પાસે પુરતુ ભંડોળ છે માટે હવેથી લવાજમની રકમ (૧૦૦ રૂ./ ૨૦૦ રૂ.) થી **વધારે રકમ કોઈએ મોકલવી નહિ.**

જે ગ્રાહકોનું લવાજમ જૂન ૨૦૧૯ માં પુરૂ થાય છે તેમણે ૧૫ જૂન પહેલા લવાજમ મોકલી આપવા વિનંતિ. જે વાંચકોને ''ગોરક્ષા પાત્ર'' ભેટ નકલ રૂપે મળે છે. તેઓ પણ લવાજમ ભરીને ''ગોરક્ષા પાત્ર'' ના ગ્રાહકો બને એ ઈચ્છનીય છે.

**- લિ. સંપાદક મંડળ**

## કર્મ અને ભાગ્ય

એકવાર અચાનક જ કર્મ અને ભાગ્ય પર વાત શરૂ થઈ. નસીબ અને પ્રયત્નની વાત સાંભળીને મેં વિચાર્યું કે ચાલો આજે એની ફિલોસોફી જોઈએ. મેં એક સવાલ પૂછ્યો. મારો સવાલ હતો કે માણસ મહેનતથી આગળ વધે છે કે નસીબથી? અને એના જવાબે મારા મગજના તમામ જાળા સાફ કરી નાખ્યા. એ કહેવા લાગ્યો કે તમારૂં કોઈક બેન્કમાં લોકર તો હશે જ? એની ચાવીઓ જ આ સવાલનો જવાબ છે. દરેક લોકરની બે ચાવીઓ હોય છે.

એક ચાવી તમારી પાસે હોય છે અને એક મેનેજર પાસે. તમારી પાસે જે ચાવી છે એ પરિશ્રમ અને મેનેજર પાસે છે એ નસીબ. જ્યાં સુધી બંન્ને ચાવી ના લાગે ત્યાં સુધી તાળું ખુલી શકે નહીં. તમે કર્મયોગી પુરુષ છો અને મેનેજર ભગવાન.

તમારે તમારી ચાવી લગાવતા રહેવું જોઈએ. ખબર નહિ ઉપરવાળો ક્યારે પોતાની ચાવી લગાવી દે. ક્યાંક એવું ના થાય કે ભગવાન પોતાની ભાગ્યવાળી ચાવી લગાવતો હોય અને આપણે પરિશ્રમ વાળી ચાવી ના લગાવી હોય અને તાળું ખોલવાનું રહી જાય.

આ કર્મ અને ભાગ્યનું સુંદર અર્થઘટન છે.

## પ્રતિભાવ

શાંતિભાઈ ગડાનો લેખ 'પોસ્ટમેન' હૃદયને સ્પર્શી ગયો. ધર્મનું મુળ કાર્ય સારો, સાચો અને સાદો માણસ બનાવવાનું છે લેખકને ધન્યવાદ.

તંત્રી લેખ પ્રેરક રહ્યો. અહિંસક આક્રમણ (સર્જિકલ સ્ટ્રાઈક) વિશ્વને સુંદર સ્વર્ગમાં ફેરવવા સમર્થ છે. લાયકાત ધરાવતા માનવો આગળ આવી કર્મશીલ બને તો.

લઘુકથા 'ખાલી પેટ' ખુબ ગમી. સંસ્કાર અદ્ભુત પરિણામ લાવે છે. આ ભગીરથ કાર્ય ગુણીયલ માતા, પિતા અને ગુરુ જ કરી શકે. સામાયિક ખુબ સારું વિચારભાતુ આપે છે.

**લિ. લવજીભાઈ ચોધરીનાં પ્રણામ**

**ઓનલાઈન લવાજમ ભરવા માટે**

**લવાજમ ખાતાનું નામ: ગોરક્ષા પાત્ર**
**બેંક: યુનાઈટેડ બેંક ઓફ ઈંડીયા**
**શાખા: મલાડ (પશ્ચિમ), મુંબઈ ૪૦૦ ૦૬૪.**
**ખાતા નંબર 0732050014535 માં ભરવા વિનંતી.**
**Bank Code: IFSC : UTBI0MLD625**

## એટલું નક્કી કરો.

સૌ પ્રથમ તો ક્યાં જવું છે, એટલું નક્કી કરો,
બસ પછી નક્કી કર્યું છે, એટલું નક્કી કરો.
આમ તો બેઠા રહીયે તો ય ચાલે જિંદગી,
ક્યાં સુધી આ બેસવું છે, એટલું નક્કી કરો
કોઈની નજદીક આવ્યા છો, પરંતુ આટલા?
તાપવું કે દાઝવું છે, એટલું નક્કી કરો.
આપ-લે હૈયાની છે પણ એમની બે આંખમાં,
કાળજું કે ત્રાજવું છે, એટલું નક્કી કરો.
રોજ વધતી વય શરીરી ધર્મ છે મંજૂર પણ,
મોટા કે ઘરડા થવું છે, એટલું નક્કી કરો.
હર જનમમાં કોણ બીજું આપણી અંદર રહે?
આ વખત એ જાણવું છે એટલું નક્કી કરો.
છે તરાપો, છે હલેસા, ને ભરોસો છે, છતાં,
જળાશયમાં પાણી કેટલું છે, એટલું નક્કી કરો.

**- ગૌરાંગ ઠાકર**

## સંવેદનશીલ

સંવેદનશીલ હોવું એટલે આસપાસની બધી જ વસ્તુઓ પ્રત્યે, છોડવાઓ પ્રત્યે, પ્રાણીઓ પ્રત્યે, વૃક્ષો, આકાશ, નદીનાં જળ, ઊડતાં પંખી પ્રત્યે સંવેદનશીલ હોવું. આપણી આસપાસના લોકોના મિજાજ પ્રત્યે, પાસેથી પસાર થઈ જતા અજાણ્યા માનવી પ્રત્યે સંવેદનશીલ હોવું. આ સંવેદનશીલતામાંથી હિસાબ કે ગણતરી વગર, સ્વાર્થ વગર પ્રત્યુત્તર વાળવાની શક્તિ જન્મે છે. એ જ સાચી નીતિમત્તા અને સદાચાર છે.

અને સંવેદનશીલ હોવું એટલે પ્રેમ કરવો. 'પ્રેમ' શબ્દ તે પ્રેમ નથી. ઈશ્વરનો પ્રેમ અને મનુષ્યનો પ્રેમ એવા પ્રેમના ભાગ પાડી શકાય નહીં. ફૂલ જેમ સુંગંધ આપે તેમ પ્રેમ પોતાને વિપુલપણે આપે છે, પણ આપણે આપણા સંબંધોમાં હંમેશાં પ્રેમને માપ્યા કરીએ છીએ અને એમ કરીને તેને નષ્ટ કરી દઈએ છીએ.

જેમ આપણે આંતરિક રીતે વધુ કંગાળ હોઈએ, તેમ આપણે વધુ ને વધુ લોકોને, પ્રતિષ્ઠાને, મિલકતને, પ્રણાલિકાઓને વળગી રહીને બાહ્ય રીતે વધુ સંપન્ન થવા પ્રયત્ન કરીએ છીએ.

**- કૃષ્ણમૂર્તિ**

## લવાજમ મળેલ છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | હેમેન્દ્ર માલદે | મુંબઈ | ૧૦૦/- |
| ૨. | મનુભાઈ દોશી | અમદાવાદ | ૧૦૦૦/- |

# જવામર્દ સૈનિકોને સો સો સલામ

આ વાત અમેરિકાની છે.

એક વખત એક માણસ કેનેડા જવા માટે અમેરિકાથી ફ્લાઈટમાં ચડ્યો. વિમાન ઉપડવાની થોડી ક્ષણો પહેલાં દસ અમેરિકન સૈનિકો ફ્લાઈટમાં ચડ્યા. શિસ્તબ્ધ રીતે સૈનિકો આ માણસની આજુબાજુની હરોળમાં ગોઠવાઈ ગયા. પેલા માણસે પોતાની બાજુમાં બેઠેલા જવાન સાથે વાત શરૂ કરી, 'સોલ્જર! જો કે મારાથી પુછી ના શકાય, પણ જો તમને વાંધો ન હોય તો હું જાણી શકું ખરો કે તમે સૌ કંઈ બાજુ જઈ રહ્યાં છો?'

''ઓહ! નથિંગ સિક્રેટ! એનું કોઈ ખાનગી નથી. અમે પેતાવાવા સોન્ટારિયો જઈ રહ્યા છીએ. ત્યાં પંદર દિવસની ખાસ ટ્રેનિંગ પછી અમારે અફઘાનિસ્તાન જવાનું છે.'' એ પછી બન્ને વચ્ચે લગભગ એકાદ કલાક સુધી વાતો થતી રહી. ભોજન સર્વ કરવાનો સમય થયો એટલે વિમાનમાં જાહેરાત થઈ કે, 'જે વ્યક્તિને પેક લંચ (ભોજન) લેવું હોય તે પાંચ ડોલરમાં (લગભગ ૩૦૦ રૂપિયામાં) ખરીદી શકે છે.'

ફ્લાઈટને પહોંચવામાં હજુ ખાસ્સો સમય બાકી હતો એ માણસે પોતાના માટે પેક-લંચનો ઓર્ડર આપવાનું નક્કી કર્યું એ જ વખતે પેલા સૈનિકોની અંદરોઅંદર વાત એના કાને પડી. એક સૈનિક એના સાથીઓને કહી રહ્યો હતો, પેક-લંચના પાંચ ડોલર વધારે કહેવાય. આમ પણ ખર્ચ આપણા ભથ્થામાં સામેલ નથી. આપણે આ ખરીદી શકીએ એમ નથી. આપણે આપણા બેઝકેમ્પ પર પહોંચીને જ ભોજન લઈશું એમ કર્યા વિના છૂટકો પણ નથી.

R.N.I. No.MAHGUJ / 2002 / 9750

એટલી વાત કરીને એમણે ભોજન ન લેવાનું નક્કી કરી નાખ્યું.

પેલો માણસ આ સાંભળીને વિચારમાં પડી ગયો. થોડીવાર પછી એ ઉભો થયો. વિમાનના પાછળના ભાગમાં જઈને ફ્લાઈટ ઍટેન્ડન્ટને મળ્યો. પોતાના પાકીટમાંથી પોતાના લંચની કિંમત ઉપરાંત બીજા પચાસ ડોલર કાઢીને એને આપતા કહ્યું, 'લો પચાસ ડોલર, મારા તરફથી પેલા દસેય સૈનિકોને પેક-લંચ સર્વ કરજો. આપણા દેશના રક્ષકોને મારા તરફથી આ નાનકડી ભેટ!'

એની આ વાત સાંભળીને ફ્લાઈટ ઍટેન્ડન્ટની એકદમ લાગણીશીલ બની ગઈ. એની આંખોમાંથી આંસુ સરી પડ્યા. એ માણસનો હાથ પકડીને એ લેડી બોલી, સર! થૅન્કયૂ વેરી મચ ફોર યોર કાઈન્ડ એક્સન. હું લાગણીશીલ એટલા માટે બની ગઈ છું કે અત્યારે મારો એક દીકરો ઈરાકમાં યુદ્ધમોરચે લડી રહ્યો છે. મને એવું લાગે છે કે જાણે તમે આ ભેટ એને આપી રહ્યા છો! એટલું કહીને આનંદ સાથે એ પેલા સૈનિકોને લંચ સર્વ કરવા જતી રહી.

ભોજન પત્યા પછી એ માણસ જ્યારે રેસ્ટરૂમ તરફ જતો હતો ત્યારે એક વૃધ્ધ પેસેન્જરે એને ઉભો રાખ્યો. એના હાથમાં ૨૫ ડોલર મુકતા એ દાદા બોલ્યા, 'ભાઈ! તમે શું કર્યું એ મેં હમણાં જોયું. હું પણ અમેરિકન છું. આવા ઉમદા કાર્યનો હિસ્સો બનવા માંગું છું. મને પણ મારા દેશ અને એના સૈનિકો માટે ખુબ જ માન છે!'

**- અનુસંધાન પાના નં.૧૪ પર**

**Post Registration No. MNW/277/2018-2020**
**RNI No. MAHGUJ/2002/9750**
**Posted at Liberty Garden, P.O.**
**on 5th or 6th of every month.**
**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**શ્રી રમેશ શામળજી દોશી (નિમિત માત્ર),**
**બી/૬૦૧, નંદનવન, નરસિંગ લેન, ડી.એસ. નગર,**
**મલાડ (પ.), મુંબઈ-૬૪. મો.નં.: ૯૩૨૩૪૧૨૪૭૧**
**Email: doshir65@gmail.com**
**સંપાદક મંડળ: શ્રી શાંતિલાલ ગડા, શ્રી મનોજ રાજગુરુ**
**Web: www.gorakshapatra.org.**
**મુદ્રણ સ્થળ: ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ,**
**અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**

**"Licence to Post Without Pre Payment"**
**WPP-Lic. No. MR/Tech/WPP-330/NW/2019**



ગોરક્ષા પાત્ર
**ગાય બૈલ બચેંગે**
**દેશ બચેગા**

**To,**